ॐ

શ્રીમદ્ ભગ

ટુંક સાર ગુ

...त्यं च धर्मं च पराक्रमं च
...द्विजातिदेवातिथिपूजनं च पं...

परस्त्री मातेव क्वचिदपि
न मर्यादाभंगः क्वचिदपि
रिपौ शौर्यं धैर्यं विपदि
इदं भरत भ्रातर्वचो त...

છપા...

શેઠ હંસરાજ
વીનામુલ્યે ભેટ અ...
હાજીબંદર સુધીનાં

સંવ ૬૬

ધી ..મર પ્રેસ મુંબઇ.



ॐ नमः कृष्णाय शुद्धाय ब्रह्मणे परमात्मने ।
योगेश्वराय योगाय त्वामहं शरणं गतः ॥१॥

પ્રસ્તાવના.

હે પ્રીય વાંચકો આ લઘુ પુસ્તક=ગીતાનો સાર=તે ગીતા ઉપરથી સુદાનો સાર લઈ ફક્ત લોકોનાં હીતાર્થે છપાવેલ છે. તેમાં કોઈ પણ-અધ્યાયમાં તથા કોઈપણ વીષયમાં અશુધ્ધ લખાણું હોય અથવા તો લખવામાં કાંઈ ભુલ હોય તો કૃપા કરી સુધારી વાંચસો હું કાંઈ પંડીત નથી તેમ મુને લેશમાત્ર પણ શાસ્ત્રનું જ્ઞાન નથી. અને બુધ્ધી હીણ તથા અજ્ઞાની એક પામર પ્રાણી જેવો છું પણ ફક્ત મારા દીલની ઉલટથી સરવેને અનુકુલ થઇ પડે તે માટે આ=ગીતાનો સાર ગુજરાતીમાં ટુંકમાં છપાવેલ છે. ગીતાનાં એક અધ્યાયનો પાઠ કરતાં અડધો પોણો કલાક લાગે તે કરતાં આ ટુંકમાં સારાંસ હોવાથી ફકત પાંચ મીનીટમાં પાઠ થઈ સકે તેમ છે. વળી પણ, ટુંકમાં હોવાથી શુધ્ધ સમજાય તેમ છે. જેમ દુધને જમાવી છાસ કરી તેમાંથી કાઢેલ માખણ તૈયાર હોય તો તેનું ઘી કરતાં વખત લાગતો નથી તેમ ગીતામાંથી માંખણ રૂપી આ સાર કાઢેલ છે. તો તે વાંચી તેનું મનન કરવાથી કૃતાર્થ થસો એવી આસા રાખું છું માટે મુમુક્ષુ પુરૂષોએ આ પુસ્તકનો જેમબને તેમ સદ ઉપયોગ કરવો ને કરાવવો કારણ જે-ગીતામાંહેનાં બોલ સાક્ષાત શ્રી કૃષ્ણ પરમાત્માનાં મુખારવીંદનાછે. તો તે ઉપર શ્રધ્ધા રાખી તેનું મનન કરવાથી જરૂર આત્માનું શ્રેય થસે, એજ મારી નમ્રવીનંતી છે.

લી૦ દાસાનુંદાસ દીન સેવક,

હેમચંદ જેઠાભાઈ પ્રભુ

નાં ભગવત સમરણ વાંચસો.

ગીતા મહાત્મય.

પૃથ્વી પુછેછે—હે પરમેશ્વર, હે ભગવાન, હે પ્રભો, મનુષ્યની પરમાત્મા ઉપર એકાંતીક, ભક્તિ કેવી રીતે થાય.

વીષ્ણું બોલ્યા—હે પૃથ્વી, દરરોજ ગીતાનો પાઠ કરવાથી તેમ તેનું મનન કરવાથી મનુષ્ય જગતમાં કર્મ કર્યા છતાં કર્મથી લેપાતો નથી. અને જ્યાં આગળ ગીતાનો પાઠ શુદ્ધ અંતઃકરણથી થાયછે. ત્યાં સરવે દેવતાઓ તથા સરવે તીરથનો વાસ થાયછે. અને ગીતા શાસ્ત્રનું મનન અને તેનો પાઠ કરવાથી બીજા શાસ્ત્રની જરૂરતા રહેતી નથી. મુખત્વે ગીતા શાસ્ત્ર ઉત્તમ છે, હું ગીતાને આધારે રહેલછું, અને ગીતાનાં જ્ઞાનનો આશ્રય કરીને ત્રણે લોકનું હું પાલન કરૂંછું, ગીતા એ સાક્ષાત શ્રીકૃષ્ણ પરમાત્માએ સ્વમુખથી અર્જુનને કહેલ છે, અને ગીતા ત્રણ વેદ સમાન, પરમ આનંદરૂપ તથા તત્વાર્થ જ્ઞાનથી ભરેલ છે. ગીતાનો અહોનીસ પાઠ અને મનન કરવાથી ઘણાંજ જન્મનાં કરેલાં પાપનો નાસ કરી અંતે મોક્ષપદ પામેછે, અને નીત્ય એક અધ્યાયનો પાઠ કરેછે, તે મનવંતરો થતાં સુધી શ્રેષ્ટ મનુષ્યમાં જન્મયા કરેછે. મરણ સમયે પણ સુદ્ધ અંતઃકરણથી ગીતા—એટલો ઉચ્ચાર કરવાથી મોક્ષ પામેછે. ગીતા એ શબ્દ લખી ગળામાં અથવા હાથ ઉપર અથવા મસ્તક ઉપર ધારણ કરે તો સરવે વીઘ્ન નષ્ટ થાયછે. ગૌદાનની સાથે ગીતાનાં પુસ્ત-

કનું દાન કરવાથી, સરવ કર્મોનું ફળ થાયછે. સુવર્ણ સહીત, જે ગીતાનું વીધી પુર્વક દાન વીદવાન બ્રાહ્મણને કરે તો તે દાન આપનાર ફરી જન્મ પામતો નથી. ગીતાનાં અર્થ સાંભળી ગીતાનું દાન કરે તેને મનવાંછીત ફળ મલેછે. આ ગીતાનાં સેવનથી જનક આદીક રાજા પાપ રહીત થઈને પરમ પદને પામ્યા છે. અને જે ગીતાની નીંદા કરેછે, તે પ્રલય સુધી નરકમાં રહી અગણીત દુઃખો ભોગવેછે. ગીતાનો પાઠ સરવ મનુષ્યથી થાયછે. તેમાં ઉંચ નીચનો ભેદ નથી, અને ગીતાવાણી બ્રહ્મસ્વરૂપ છે. માટે તેનો અનાદર કરવો નહીં. ગીતા મહાત્મ સહીત ગીતાનો પાઠ કરે તે અતી દુર્લભ પરમ પદને પામે છે.

ધ્યાન (કરન્યાસની વીધી.)

ૐ 'નૈનં છિન્દન્તિ. શસ્ત્રાણી નૈનં દહતિ પાવક'

(આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્ની બાળી શકતો નથી.) ઉપરનો મંત્ર બોલી બંન્ને હાથના અંગુઠાનો સ્પર્શ કરી તેને પ્રણામ કરવા

' નચૈનં કલ્લેદય ન્ત્યાપો નસોષયતિ મારૂત.'

(પાણી આત્માને ભીનો કરી સકતું નથી તથા પવન આત્માને સોષી શકતો નથી) ઉપરનો મંત્ર બોલી અંગુઠા પાસેની બંન્ને આંગળીઓનો સ્પર્સ કરી પરમાત્માને નમસ્કાર કરવા.

'અચ્છેદયો,યમદાહ્યો યમકલેદયો અશોષ્ય ,એવચ.'

(આત્મા કપાય નહીં તેવો બળાય નહીં તેવો ભીનો કરી શકાય નહીં તેવો અને સોષાય નહીં તેવો છે) ઉપરનો મંત્ર બોલી હાથની બંન્ને આંગળીઓનો સ્પર્શ કરી પરમાત્માને પ્રણામ કરવા.

'નીત્ય સર્વગત સ્થાણું રચલોય સનાતન.'

(આ આત્મા નીત્ય સર્વવ્યાપી સ્થીર અચળ અને સનાતન છે.) તેનો મંત્ર બોલી હાથની બંન્ને અનામીકાઓ (ટચલી આંગળીની પાસેની આંગળીઓ) નો સ્પર્શ કરી પરમાત્માને નમસ્કાર કરવા.

'પશ્યમે પાર્થ રૂપાણી સતસોડથ સહસ્રસ.'

(હે પાર્થ તું મારાં સેંકડો અને હજારો રૂપજો) એ મંત્ર ભણીને હાથની બંન્ને ટચલી આંગળીઓનો સ્પર્શ કરીને નમસ્કાર કરવા.

"નાના વીધાની દિવ્યાનિ નાનાવર્ણાકૃતી નીચ.'

(મારાં રૂપ અનેક પ્રકારનાં દીવ્ય તથા અનેક વર્ણ અને અનેક આકારનાં છે) એ મંત્ર ભણીને હાથનાં બંન્ને તળીઆંનો અને પાછળનાં ભાગનો સ્પર્શ કરીને પ્રણામ કરવા.

અંગન્યાસ.

'નૈનં છિન્દન્તિ સસ્રાણી નૈનં દહતિ પાવક.'

એ મંત્ર ભણીને હૃદયાયનમઃ એમ કરીને હાથનાં અગ્ર

ભાગથી હ્રદયનો સ્પર્શ કરીને નમસ્કાર કરવા.

'નચૈન કલેદયન્ત્યાપો ન સોષયતિ મારૂત.'

એ મંત્ર ભણીને: સીરસે સ્વાહા: એમ કહીને હાથનાં અગ્ર ભાગથી હ્રદયનો સ્પર્શ કરીને નમસ્કાર કરવા.

' અચ્છેદયો યમદાહ્યો યમકલદયો અસોષ્ય એવચ.'

એ મંત્ર ભણીને: શીખા યૈવષટ: એમ કહીને હાથનાં અગ્ર ભાગથી ચોટલીનો સ્પર્શ કરી નમસ્કાર કરવા.

'નીત્ય સર્વગત સ્થાણું રચલોંય સનાતન.'

આ મંત્ર ભણીને: કવચાય હું: એમ કહીને હાથની બંન્ને હથેળીઓ બંન્ને ખભાને અડાડીને બદબ વાળવી.

'પશ્યમેં પાર્થ રૂપાણી સતસોડથ સહસ્ત્રસ.'

આ મંત્ર ભણીને: નેત્ર ત્રયાય વૌષટ: એમ કહીને હાથનાં અગ્ર ભાગથી બંન્ને નેત્રનો ભમ્મર વચ્ચે અદશ્ય રહેલાં ત્રીજા નેત્રનો સ્પર્શ કરી નમસ્કાર કરવા.

: 'નાના વિધાની દિવ્યાની નાનાવર્ણાકૃતી નિચ'

આ મંત્ર ભણીને: અસ્ત્રાયફટ: એમ કહીને જમણો હાથ માથા ઉપરથી ફેરવીને જમણાં હાથ વતી ડાબા હાથની હથેળીમાં તાળી વગાડવી.

ધ્યાન.

સરણાગત લોકોને પારીજાતક સમાન એક હાથમાં પરો-

ણીને ધારણુ કરનારા જ્ઞાનમુદ્રા ધારણુ કરીને રહેલા અને ગીતા-રૂપી અમૃતને દોહનારા શ્રીકૃષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરૂછું.

પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચી, તેનું મનન કરસો તોજ વાંચવાનું સાર્થકતા છે.

(અધ્યાય પહેલો)

વ્યાસજી ફરતા ફરતા હસ્તીનાપુર મધે રાજા ધૃતરાષ્ટ્રને ત્યાં આવ્યા. તે જોઈ રાજાએ વ્યાસજીની વીધીપુર્વક પુજા કરી પવિત્ર આસન આપી બેસાડયા, અને કહેવા લાગ્યા જે ધર્મક્ષેત્ર એવા કુરૂક્ષેત્રમાં અઢાર અક્ષોણી સૈન્યા મલી મહા યુદ્ધ થસે. તે જોવાની ઈચ્છા છે, પણ આંખો વગર કેમ દેખી સકાય, તે વખત વ્યાસજી બોલ્યા જે હે રાજા તમોને દેવ ચક્ષુ આપું જેથી કરી અહીં બેઠા કુરૂક્ષેત્રમાં જે યુદ્ધ થસે, તે જોઈ સકસો. તે સાંભળી વીચાર કરી રાજા ધૃતરાષ્ટે કહ્યું જે આખી ઉમર હું અંધ રહેલ ને હવે પુત્રને કુટુંબનો વધ જોવા માટે દેવ ચક્ષુ માંગવા તે વાજબી નહીં. ત્યારે વ્યાસજીએ કૃપા કરી સંજયને દેવ ચક્ષુ આપી રાજા પાસે બેસાડયો. અને કહ્યું જે, હે રાજા જે કાંઇ કુરૂક્ષેત્રમાં થસે તે સરવે બીના સંજય તમોને કહેસે. એમ કહી વ્યાસજી ગયા.

રાજા ધૃતરાષ્ટ સંજયને પુછેછે, હે સંજય, હમણાં શું થાય છે. અને યુદ્ધ કરવા કોણ કોણ રાજા આવેલછે, તે કહો.

સંજય કહેછે, હે રાજા પાંડવોના સૈન્યમાં જે યોધ્ધાએ છે, તેઓનાં નામ સાંભળો, તમારા સિશ્ય અને દ્રુપદના પુત્ર એવા ધૃષ્ટ ધુમ્ન ગદાધારી ભીમ બાણાવળી અર્જુન વળી ધૃષ્ટકેતુ ચેકીતાન પરાક્રમી કાસી રાજા કુંતીભોજ સૈબ્ય રાજા યુધ્ધામન્યુ ઉત્તમૌજા અભીમન્યુ રાજા યુધિષ્ટર વગેરે બળવાન યોદધાઓ છે.

અને આપણાંમાં જે યોદ્ધાઓછે. તેઓનાં નામ સાંભળો દ્રોણાચાર્ય ભીષ્મપિતામહ કર્ણ યુદ્ધનો વીજય કનારા કૃપાચાર્ય યુદ્ધવિજયી અશ્વત્થામા વીકર્ણ તથા સોમદતનો પુત્ર ભુરિશ્રવ દુર્યોધન વગેરે ઘણાંક બળવાન યોદ્ધાઓ છે.

અને યુદ્ધની તૈયારી થતાં બંન્ને સેનાઓમાં સંખનાદ થવા લાગ્યા. અને સસ્ત્રોનો મારો ચાલુ થયો. તે જોઇને જેની ધ્વજામાં હનુમાન કપીવરછેએવા અર્જુને ધનુષ ઉગામીને કૃષ્ણ પરમાત્માને કહ્યું કે હે અચ્યુત આ સૈન્યમાં કોણ કોણ લઢવા આવેલ છે, ને મારે કોની સાથે લઢવુ યોગ્યછે. તે હું જોઉ ત્યાં સુધી રથને બંન્ને સેનાની વચે હાંકી ઉભો રાખો. એ સાંભળી શ્રી કૃષ્ણે રથને બંન્ને સેનાની વચે હાંકી ઉભો રાખ્યો. અને જોયું તો ગુરૂ દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, દાદાઓ કાકાઓ, પુત્રો, આચાર્યો વગેરેને જોઇ પરમ દયાળુ બની મનને ખેદ કરતો આ પ્રમાણે બોલ્યો.

અર્જુન કહેછે—હે કૃષ્ણ આ મારા કુટંબીઓને જોઈ મારા સરીરમાં કંપ થાયછે, રૂવાંટા ઉભા થાયછે, હાથમાંથી ગાંડીવ ધુનષ નીચે પડી જાયછે, અને મુખમા સોષ પડેછે. હે કેસવ હું અસુભ સુચવનારા અપસુકનો પણ જોઇંછું. હે કૃષ્ણ હે ગોવીંદ હે જનાર્દન ત્રણલોકનાં રાજ્યને માટે પણ સત્રુઓને મારૂં નહીં તો એક પૃથ્વીને માટે આ સંબંધીઓને કેમજ મારૂં, વળી હે મધુવંસોત્પન્ન કૃષ્ણ અમો સંબંધીઓને મારીને કેમ સુખી થાયે. કદાચીત આપ કહેસો જે તું તેને મારીસ નહીં, પણ રાજ્યનાં લોભને લીધે તેઓ તુંને મારસે, માટે તું તેઓને મારીને રાજ્ય ભોગવ. તેનાં ઉત્તરમાં કહેવાનું જે મને તે રાજ્ય સુખની ઈચ્છા નથી. હે જનાર્દન ભગવાન

આ દુર્યોધન વગેરે જેઓનું મન રાજ્યનાં લોભથી અવિવેકી થયું છે. તેથી તે કુળનો ક્ષય તથા મીત્રનો દ્રોહ કરવાથી લાગતા પાતકને જાણુતા નથી પરંતુ અમો તે પાપને જાણીએ છીએ. માટે આ પાપમાંથી દુર રહેવા અમો કેમ વીચાર કરીએ નહીં. હે જર્નાદન ભગવાન જેઓનો જાતીધર્મ કુળધર્મ તથા આશ્રમધર્મ વીનાસ થાય છે. તે મનુષ્યનો નીત્ય નરકમાં વાસ થાય છે. અરેરે મહા ખેદની વાર્તા છે. કે અમે મહા પાપ કરવા તૈયાર થયા છીએ એમ કહી અરજુન ધનુષ્ય નીચે નાંખી દઈ રથ ઉપર બેસી રહ્યો અને બોલ્યો. હે પ્રભુ આ ક્ષણીક

સુખની ખાતર અમારાથી અઘોર પાપ ન થાય. એવી અમ ઉપર કૃપા કરી શુ બુધ્ધી આપો અને નીરંતર આપનું શુધ્ધ અંતઃકરણથી ચીંતવન થયા કરે એવી કૃપા કરો ઈતી શ્રીમદ્‌-ભગવદ્‌ ગીતાયે અરજુન વીષાદયોગ નામનો પ્રથમો અધ્યાય સંક્ષેપમાં સંપુર્ણ.

અધ્યાય બીજો.

સંજય ધૃતરાષ્ટને કહે એ વખત અરજુનને ઘણોજ સોક કરતો જોઈ શ્રીકૃષ્ણ કહે હે અરજુન તુંને આ ખોટો મોહ કયાંથી થયો અને આવું તે કયું પાપ આ વખત નડયું. જેથી કરીને લોકને હસવાનું થાય અને અંતે નરક મલે. માટે હે પાર્થ તું તે ખોટો મોહ છોડી દે. અને યુધ્ધ કરવા તૈયાર થા. એવા પ્રભુનાં વચન સાંભળી અરજુન કહે હે પ્રભુ હે જગ-નીયંતા હે સચીદાનંદ નાથ પુજા કરવા યોગ્ય ભીષ્મદ્રોણ અને આ મારા કુંટુબીઓને માટે રાજ્ય સુખની ઈચ્છા રાખીએ તેનાં બદલે પીતા અને ગુરૂનો વધ કેમ થાય માટે તે રાજ્ય સુખની મુને ઈચ્છા નથી ગુરૂ અને પીતાનો અને કુંટુબીઓનો વધ કરૂં તે કરતાં ભીખ માગીને ખાવું તે ઉત્તમ છે. પણ ગુરૂ અને પીતાસાથે લઢીસ નહીં. આવા ખેદકારક અરજુનનાં વચન સાં-ભળી ભગવાન કહે. હે અરજુન આ તારો ખોટો વાદ છે. અને તે વીશે તું સાંભળ તુંને માયાએ મોહીત કરેલ છે. જેથી

આવાં વચન બોલે છે. પણ અંત સર્વે એકજ છે. કોના ગુરૂ કોના સીશ્ય અને કોના માત ને કોના તાત કોના સ્ત્રી પુત્ર કુટુંબ વગેરે સરવે મીથ્યા છે. અને આત્મા એકજ છે. આત્માને જન્મ મરણ નથી જેમ રૂતુ પુઠે રૂતુ આવને જાય સુરજ ઊગેને અસ્ત થાય તેમ બ્રહ્મતેજ અખંડ છે. તું આત્મજ્ઞાનથી વીચાર કરીને જો. જેમ જલમાં પરપોટા થાય ને પાછા જલમાંજ સમાય તેમજ પરમેશ્વરની ઇચ્છા એ આ અસ્થીર માયા થયા કરે છે. પણ આત્માને જન્મ મરણ નથી માયાનાં બળથી અજ્ઞાનતાને લીધે હું અને મારૂં જણાય છે. જેમ હજારો પાણીના ઘડા ભરેલ હોય તે સરવે ઘડામાં ચંદ્રબીંબ પડે છે. પણ ચંદ્રમાં તો આકાસમાં એકજ છે. હજારો ઘડામાં પાણી ભરવાથી હજારો ચંદ્ર ઘડામાં દેખાય છે. તેમજ હરીનો સરવે વાસ છે. ઘડો ભાંગી જવાથી પાણી ઢોલાઇ જયાંનું ત્યાં જાય છે પણ ચંદ્રમાં તો વેગળો ને વેગળો રહે છે. તેને કાંઇ દુઃખ થતું નથી. તેમ જે નીર્વીકાર અવીનાસી અગમ અગોચર અને જેની વાણીથી તેમ બુધ્ધીથી પણ વાત થઇ શકે નહીં તેની ચીંતા તું શા માટે કરે છે. વળી પણ વાયુ જેને સોષી શકતો નથી અગ્ની બાળી શકતો નથી. જલ બુડાડી શકતું નથી. આકાસ ગળી શકતું નથી. શસ્ત્ર ભેદી શકતું નથી. એવો જે અમર અને અવીનાસી આત્માની ચીંતા શામાટે કરે છે. માટે હે

અરજુન તું મનમા નીરભય થઈ યુધ્ધ કરવા ઉભો થા. ક્ષત્રીનો ધર્મ છે. જે યુધ્ધમાં પાછી પાની કરવી નહીં. અને સત્યપણે યુધ્ધ કરવાથીજ ક્ષત્રીને સ્વર્ગ મલે છે. વળી પણ રણ સંગ્રામમાં જે ક્ષત્રી મરે તેનો ઓધ્ધાર થાય છે. માટે હું સત્ય કહું છું જે એમાં પાપ નથી. વળી પણ આ વખતે તું યુધ્ધમાં પાછી પાની કરીસ તો સરવે કહેસે. જે અરજુન બીકથી નહાસી ગયો. અને તેથી કરી લોકોમાં અપજસ થશે અને અપજસ સારા માણુસને મરણ કરતાં પણ વધારે છે. હે ભરતવંસી રાજા અરજુન સર્વના શરીરોનો વિનાસ કરતાં છતાં પણ આ આત્માનો કદીપણ નાસ થઈ શકતો નથી. માટે તારે સર્વ પ્રાણીઓનો શોક કરવો એ યોગ્ય નથી. માટે તું સ્વધર્મ છોડ નહીં. તું કદાચીત યુધ્ધમાં મરણ પામીસ તો સ્વર્ગમાં જઈસ અને વીજય કરીસ તો પૃથ્વીનું રાજય ભોગવીશ.

સુખ તથા દુઃખને સમાન ગણીને તેના કારણભુત લાભ તથા હાનીને સમાન ગણીને તથા તેનાં કારણભુત જય પરાજયને સમાન ગણીને આમારો સ્વધર્મ છે. આવી બુદ્ધીથી જો તું યુદ્ધ કરીસ તો તુંને પાતક લાગસે નહીં.

હે અરજુન તુંને આટલું જ્ઞાન કહ્યા છતાં પણ તુંને આત્માનો સાક્ષાત્કાર થયો ન હોય તો તું અંતઃકરણની સુદ્ધી દ્વારા આત્માનો સાક્ષાત્કાર કરવા માટે કર્મ યોગ વીસે કેવી બુધ્ધી

કરવી. તે સાંભળ. તું પરમેશ્વરને કર્મો અર્પણ કરવાથી સુધ્ધ અંતઃકરણવાળો થઈસ." અને ઈશ્વરની કૃપાથી જ્યારે તુંને જ્ઞાન થાસે. ત્યારે તું કર્મ રૂપી બંધનનો સર્વથા ત્યાગ કરીસ. હું પરમેશ્વરની ભકિતથીજ અવસ્ય તરીસ એવો દ્રઢ નીશ્ચય કરી અહોનીસ સંધ્યા વંદન વગેરે નીત્ય નીયમીત કર્મો કર. નીષ્કામ કર્મ કરવાથી વિઘ્નનો કે અપુર્ણતાનો સંભવ રહેતો નથી અને કરેલાં કર્મ નીષ્ફળ જતાં નથી. અમુક કર્મો કરીસ. તો અમુક ફળ મલસે. ને અમુક કર્મ કરીસ તો અમુક ફળ મલસે. એવી અભીલાષાથી કરેલાં કર્મોનું કોઈ અંગ અપુર્ણ રહી જાય. તો તે કર્મ નીષ્ફળ જાય છે. પણ નીષ્કામ કર્મ નીષ્ફળ જતાંજ નથી. માટે શ્વશકિત પ્રમાણે નીષ્કામ કર્મ કરવાં. અને નીષ્કામ થવા માટે સુખ દુઃખ આદી દ્વંદ્વ ધર્મ રહિત થા. નીત્ય સત્વ ગુણથી તથા અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ માટે અને પ્રાપ્ત વસ્તુની રક્ષા માટે પ્રયત્ન રહીત તથા પ્રમાદ રહીત તથા કારણ જે સુખ દુઃખથી વ્યાકુળ થયેલો હોય યોગ અને ક્ષેમ માટે ઉદ્યોગ કરતો હોય તથા પ્રમાદસીલ અને અધીર હોય તે મનુષ્ય નીષ્કામ થઈ શકતો નથી. હે ધનંજય હું કર્મ કર્તા છું. આવું અભીમાન ત્યાગ કરીને અને કર્મનું ફળ મલે. અથવા ન મલે તો પણ શું પણ મારી ફરજ છે. એમ સમ બુદ્ધી રાખીને સુધ્ધ અંતઃકરણથી એક પરમેશ્વર પરાયણજ

થઇ કેવળ ઈશ્વરાર્પણ કર્મ કર. એવી રીતે નીષ્કામ કર્મ કરવાથી જ્ઞાની બને છે અને જન્મ મરણનાં બંધનમાંથી મુકત થઈ મોક્ષ નામનાં વીષ્ણુ પદને પામેછે અરજુન પુછેછે. હે કેસવ સ્વભાવીક રીતે સમાધીમાં રહેલા જ્ઞાની અને નીચ્ચય બુધીવાળાનાં લક્ષણ શું તે કૃપા કરી રહો.

ભગવાન કહેછે હે અરજુન મનુષ્ય જયારે પોતાના પરમાનંદ સ્વરૂપમા પ્રસન્ન રહી અર્થાત આત્મારામ બનીને શરવે તુચ્છ કામનાઓનો ત્યાગ કરેછે. ત્યારે તે સ્થીર બુધ્ધીવારો કહેવાય છે. વળી દુઃખને વખતે ખેદ કરતો નથી. અને શુખથી મદ થતો નથી. તથા રાગ, ભય, ક્રોધ રહીત છે. તેમ જેને સ્ત્રી પુત્ર કુટુંબ અને શરવે પ્રાણી ઉપર સમાન દ્રષ્ટી છે. તેમ મીત્ર અને શત્રુ ઉપર દ્વેસ કરતો નથી. અને કેવળ પ્રભુપરાયણ રહેછે. તેને સ્થીર બુધ્ધીવારો જાણવો. હે કુંતીપુત્ર મોક્ષ માટે પ્રયત્ન કરનારા એવા વીવેકી મનુષ્યના મનને પણ મથન કરનારી ઇંદ્રીયો પુરૂષ અને સ્ત્રીને બલાત્કારે વીષયોના તરફ ખેંચી જાય છે માટે યોગીએ સર્વે ઈંદ્રીયોને પોતાના આધીન રાખી મારા પરાયણ રહેવું જેણે ઈંદ્રીયોને વશ કરી નથી. તેને આત્મજ્ઞાન હોતું નથી. તો સ્થીર બુધ્ધીની વાતજ સીકરવી અને તેવા મનુષ્યથી પરમાત્માનું ધ્યાન પણ થઈ શકતું નથી. તો તેને શાંતીપણ ક્યાંથી મલે.

ઈંદ્રીયો વશ નહીં હોવાથી વીષય તરફ ભટકનારી ઈંદ્રીયો, વીષય તરફ લઈ જઇ (મીથ્યા મોહજાળ રૂપી ભવસાગરમાં) ભમાવે છે. જેમ ગાફલ રહેલાં ખારવાનાં વહાણને વાયુ સમુદ્રમાં ભમાવે છે તેમજ ઈંદ્રીયો વશ નહીં રાખવાથી આ સંસારમાં ભમ્યા કરેછે. માટે ઈંદ્રીયોને વીષયો તરફ જવા નહીં દેતા. વશ રાખવી અને પ્રભુપરાયણ થઈ પરમેશ્વરના આરાધનથી શુધ્ધ અંતઃકરણ વારો આ બ્રમ્હનિષ્ટાને પ્રાપ્ત થઈ ફરી સંસારમાં મોહ પામતો નથી. માટે બાલ્યાવસ્થાથી પ્રભુપરાયણ રહી નીષ્કામ કર્મ કરવાં. ઈતી શ્રી ભગવદ ગીતાયે અરજુન વીષાદયોગ નામના બીજા અધ્યાયનો સાર સંક્ષેપ્તમાં સંપુર્ણ.

પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચી તેનું મનન કરશો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ત્રીજો.

હે ભગવંત કોઈ વાકયોમાં કર્મની પ્રશંશા તો કોઈ વાકયમાં જ્ઞાનની પ્રશંશા આમ સંદેહ ઉત્પન્ન કરનારાં વ્યામીશ્ર વચનો કહીને તમે મારી બુધ્ધીને દોલાની પેઠે દોલાવતા જાણે મોહ કરતા હો તેમ લાગે છે. અર્થાત તમે તો પરમદયાળુ છો. તમે મોહ કરતાજ નથી. તથાપી મુને એમ જણાયછે માટે તે બંનેમાં જેથી મુને મોક્ષનો લાભ થાય તેવું કલ્યાણકારક જે સાધન હોય તે કહો. શ્રીકૃષ્ણ કહે. બંન્ને મારગ સરખાછે.

પુરૂષ કર્મ નકરવાથી જ્ઞાનને પામતો નથી. અર્થાત કર્મોદ્વારા ચિત શુધ્ધી થવાથી જ્ઞાન સંપાદન થાય છે. જેમ સુરજના પ્રમાણુને લીધે રાત દીવસ થાય છે. અને જેમ પાશાણુ અને કાષ્ટમાં પણ અગની રહેલ છે. પણુ પ્રયત્ન વગર ખબર પડતી નથી. તેમજ કર્મ કરવાથી જ્ઞાન થાય છે. કોઈ ગ્રહસ્થાશ્રમ મુકીને વનમાં જાય અને વનમાં વસ્ત્રનો ત્યાગ કરી સંન્યાશી થાય પણુ તેને તત્વજ્ઞાન થયું ન હોય તો તેથી કરી બ્રમ્હની પ્રાપ્તી એટલે મોક્ષ પામે નહીં. માટે શારી પેઠે ચીત શુધ્ધી થવા માટે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં શુધી વર્ણનાં તથા આશ્રમનાં કર્મો કરવાં કારણુ કે વર્ણાશ્રમનાં કર્મ ન કરવાથી ચીત શુધ્ધી થતી નથી. અને ચીત શુધ્ધી થયા વીના જ્ઞાન મલતું નથી. માટે તું કર્મના ફળોની અભીલાષાનો ત્યાગ કરીને અવશ્ય કરવા યોગ્ય સંધ્યાવંદન વગેરે નિત્ય નૈમીત્તીક કર્મો કર. કારણુ કે જે પુરુષ ફલેચ્છા રહીત થઈને કર્મ કરેછે તે પુરૂષ ચીત્ત શુધી દ્વારા જ્ઞાન અને જ્ઞાન દ્વારા મોક્ષને પામે છે. જનક આદિક રાજાઓ કર્મ વડેજ શુધ અંતઃકરણુ વાળા થઈને ઉત્તમ એવા તત્વજ્ઞાનને પામ્યા છે. તું જો પોતાને સારો જ્ઞાની માનતો હો તથાપી તારે કર્મ કરવા કલ્યાણુકારક છે. હે અર્જુન મારે આ ત્રણુ લોકમાં કંઈપણુ કર્તવ્ય કર્મ નથી કારણુ કે મુને નહીં મળેલી અથવા મેળવવા યોગ્ય કોઇપણુ વસ્તુ નથી.

તેમ મુને જન્મ મરણ નતી. છતાં પણ હું કર્મ કરૂં છું. કારણ કે વેદમાં પણ વર્ણાશ્રમનાં ધર્મ કહેલ છે. અને તે કર્મ લોકોને કરવાનો ધર્મ છે. માટે હું કર્મ કરૂં નહીં તો સર્વે મનુષ્યો સર્વથા મારા માર્ગેજ અનુસરે અથાત કર્મ કરે નહીં. માટે બીજાનો ધર્મ ગૃહણ નહીં કરતાં પોતાનો સ્વધર્મ પાળવો અને તેથી અંતે મારૂં પદ પામસે.

અર્જૂન કહે છે. હે વૃષ્ણિવંશોત્પન્ન શ્રીકૃષ્ણ મનુષ્ય પાપકર્મ કરેછે. તે કોની પ્રેરણાથી કરેછે તે કૃપાકરી કહો. હે અરજૂન પાપમાં પ્રવૃત્તિ થવાનું કારણ કામ છે. અને કામ એજ ક્રોધ છે. કામ રજોગુણથી ઉત્પન્ન થાય છે. તે પુર્ણ નહીં કરી સકાય તેવો અતી ઉગ્ર છે. કામને મોક્ષ માર્ગમાં વેરી સમજવો. સત્વગુણની વૃધ્ધી થાય છે. ત્યારે રજોગુણ ઉત્પન્ન થાયછે. જેમ ધુમાડાવડે અગ્ની ઢંકાયછે. આંગતુક મલવડે જેમ અરીસો ઢંકાયછે. અને પુર્વોત્પન્ન ઓાળવડે જેમ ગર્ભ ઢંકાયછે। તેમ ઘણીજ લાલસા વારો અગ્ની સમાન તાપ આપનાર આ કામ જ્ઞાનીનાં જ્ઞાનને ઢાંકી દીએ છે. અને જીવને મોહીત કરી ભમાવે છે. અને તેથી અભીમાન પણ આવે છે. માટે હે અરજુન ઈંદ્રીયોને વશ રાખવી મન અને બુધ્ધીને પ્રવૃતી માર્ગમાંથી ખસેડી નીવૃતી માર્ગમાં લગાડવી. વીષયોથી તથા ઈંદ્રીયાદિકથી થનાર કામાદીક વિકારો બુધ્ધીનાજ વિકાર છે.

અને આત્મા નિરવિકાર છે. માટે તે બુધ્ધીનો સાક્ષી છે તેથી તેને બુધ્ધીકરતાં શ્રેષ્ઠ જાણવી નિશ્ચયાત્મિક બુધ્ધીને સ્થીર કરી જેની ગતી જાણી સકાય નહીં એવા કામ રૂપી શત્રુઓનો નાસ કર. ઈતી શ્રીમદભગવત ગીતા વીશે કર્મ યોગનામનો ત્રીજા અધ્યાયનો સાર સંક્ષેપમાં સંપૂર્ણ.

પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચીને તેનું મનન કરશો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ૪ થો.

શ્રી ભગવાન કહે છે—હે અરજુન, મેં તુને જે તત્વજ્ઞાન કહ્યું, તે પ્રથમ મેં સુરજને કહેલ, સુરજે મનુને કહેલ, મનુએ ઈક્ષ્વાકુને કહેલ અને ત્યાંરથી રાજર્ષીઓ જાણતા. અને તે જ્ઞાનથી અમરીષ રાજા રાજવૈભવ ભોગવતાં છતાં પરમ ભક્ત થઇ, જગમાં ઘણો જશ વધારી, અંતે મારાજ પદને પામેલછે.

અર્જુન કહે છે—હે પ્રભો, આપનો જન્મ પછી થયો છે. અને સુર્યનો જન્મ તો આપની પહેલાં થયેલ છે, માટે પ્રથમ આપે આ યોગનો ઉપદેશ સુર્યને કર્યો હતો. એ વાર્તા હું કેમ માની શકું.

શ્રીભગવાન કહે છે—હે અર્જુન, તારા ત્થા મારા અનંત જન્મો થઈ ગયા છે, તે શરવે જન્મોને હું જ્ઞાનના બળથી જાણું છું. પરંતુ તું અજ્ઞાનતાને લીધે જાણી શકતો નથી.

હું જન્મરહીત છું. અવીનાશી અને સર્વ પ્રાણીનો ઈશ્વર છું. મારાથી બ્રહ્માની ઉત્પત્તી છે. હું અનાદી અને "સ્વતંત્ર પરબ્રહ્મ છું. છતાં પણ જ્યારે ધર્મનો નાશ થાય છે અને અધર્મનો વધારો થાય છે, ત્યારે હું મારી માયાવડે શુદ્ધ તેજસ્વી સત્વ-ગુણી મુર્તિને ધારણ કરી, દુષ્ટનો સંહાર કરવા ને મારા ભકતની રક્ષા કરવા માટે અને સધ્ધર્મનું સ્થાપન કરવા માટે યુગે યુગે અવતાર ધારણ કરૂં છું. મારાં ભકતોનું દુઃખ મારાથી સહન થઈ શકતું નથી. મારો સ્વેચ્છાથી ધારણ કરેલો અલૌકિક જન્મ તથા ધર્મની રક્ષા કરવા રૂપી મારાં અલૌકીક કર્મો, આ બંન્નેને જે પારકાનાં અનુગૃહ માટેજ છે, "આમ જાણે છે તે દેહાભી-માનનો ત્યાગ કરી ફરી જન્મ પામતો નથી. અર્થાત મુનેજ પામે છે. હું શુધ્ધ સત્વગુણવાળા અવતારો ધારણ કરીને ધર્મનું રક્ષણ કરૂં છું. આવું મારૂં પરમ કારૂણીકપણું જાણીને રાગ ભય તથા ક્રોધથી રહીત થઇને મારામાંજ ચીત લગાડીને મારે આશ્રયે રહેનારા મારી કૃપાથી મલી શકે તેવાં જ્ઞાન તથા તપ વડે શુધ્ધ થઈ મારાં સ્વરૂપને પામ્યા છે.

અર્જુન કહે છે—હે પ્રભો તમો" શરણાંગત ભકતોનેજ આત્મસ્વરૂપનો લાભ આપો છો, પરંતુ બીજા સકામ કર્મ કરનારાઓને આપતા નથી. ત્યારે તમારામાં પણ વિષમ દ્રષ્ટિ

છે. તેના ઉત્તરમાં ભગવાન કહે છે. જે પુરૂષો મુને જે પ્રમાણે અર્થાત નીષ્કામ સકામપણે ભજે છે, તેને હું તેવી રીતે ફળ આપું છું. સકામપણે ભજનારા એટલે કર્મનાં ફળની આશા રાખનારા, ઈંદ્ર આદી દેવતાઓનું યજન કરે છે. પણ સાક્ષાત મારૂં યજન કરતાં નથી. જેથી જે જે દેવની ઉપાસના કરે છે તે તે દેવ તેનાં કર્મનું ફળ મનુષ્યલોકમાં ઝટ આપે છે. પણ જ્ઞાન તો અતી દુર્લભ છે. કર્મ, અકર્મ, ને વીકર્મની ગતી મહા ગહન છે. અર્થાત દુઃખે કરીને જાણી શકાય તેવી છે.

જે મનુષ્ય પરમેશ્વરનાં આરાધન રૂપી કર્મ, જ્ઞાનનું હેતુ હોવાથી તે બંધનકારક નથી. માટે તેને અકર્મ જાણે છે. તથા વેદવીહીત કર્મ ન કરવાથી દોષ લાગે છે, ને બંધન પ્રાપ્ત થાય છે, માટે તેને કર્મ જાણે છે.

ગૃહસ્થાશ્રમમાં રહી, જે પુરૂષ હાની અથવા લાભમાં શોચ કે હરખ નહી કરતાં જે ઇશ્વર ઇચ્છાએ મલે તેમાં સંતોષ માની દુષ્ટ સંગતથી અલગ રહે છે, તે કામ ક્રોધથી લેપાતો નથી. અને શુધ્ધ જ્ઞાનથી જેણે મન તથા બુધ્ધીને વશ કરેલ છે, તે અંતે પરમ પદને પામે છે. જેની કામના શાંત થઈ છે, જેનું મન તથા શરીર નીયમમાં છે, અને જેણે સર્વે સર્વ પરીગ્રહનો ત્યાગ કર્યો છે, અને જેણે સદગુરૂનાં વચન ગ્રહણ કરેલાં છે, તે પુરૂષ અભીમાન રહીત થઇને માત્ર શરીર સંબંધી કર્મ

કરે છે. તથાપી તે અવિહીત કર્મ કરવાથી દોષને પ્રાપ્ત થતો નથી, અને દૈવેચ્છાથી મળેલી વસ્તુવડે સંતોષ માની, કોઈપણ જીવસાથે સમાન વરતનાર, લાભ કે અલાભ થતાં પણ શોચ કે હરખ નહીં કરનાર પુરૂષ બંધનને પામતો નથી. જે નીષ્કામ છે, રાગ આદીકથી રહીત છે, જેનું મન પરબ્રહ્મ સાથે અહોનીશ લાગેલું છે, તે મનુષ્યનાં ઇશ્વર નીમીત્તે કરેલાં સરવે કર્મ વાશના વાળાં છતાં પણ વીનાશ પામે છે.

હે અરજુન–પ્રદીપ્ત થયેલો અગ્નિ જેમ લાકડાને બાળીને ભસ્મ કરે છે, તેમ આત્મજ્ઞાનરૂપી અગ્ની પણ પ્રારબ્ધ કર્મ વીના બીજાં સર્વે કર્મોને બાળી નાંખે છે. તપશ્ચર્યા, યોગ, વૃત વગેરે સાધન કરતાં જ્ઞાન સૌથી ઉત્તમ છે. અને તે આત્મજ્ઞાન ઘણાંક જન્મનાં સત્કર્મના યોગથી ઈશ્વરકૃપાએ મલે છે. માટે આત્માના અજ્ઞાનથી ત્થા શોકાદીકથી ઉતપન્ન થયેલા ત્હૃદય ગત એ સંશયને દેહ ત્થા આત્માના વીવેકરૂપી ખડગ વડે છેદી નાંખ, અને પરમાત્માના જ્ઞાનમાં ઉપાયભુત કર્મયોગનો આશ્રય કર. અને હે અરજુન યુદ્ધ કરવામાટે ઉભો થા. ઈતી શ્રીમદ્દભગવદ ગીતાવીશે જ્ઞાન વીભાગ યોગ નામનાં ચોથા અધ્યાયનો સાર સંક્ષેપ્તમાં સંપૂર્ણ.

પ્રીય વાંચકો નીચેના અધ્યાયને વાંચી તેનું મનન કરસો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ૫ મો.

ચોથા અધ્યાયમાં છેવટ શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું જે- અજ્ઞાનથી થયેલા મનનાં સંશયને, જ્ઞાનરૂપી ખડગવડે કાપી નાંખીને તું કર્મયોગ કર. તે સાંભળી અર્જુન કહે હે નાથ હે ઈશ્વર, ઘડીકમાં આપ સર્વ કર્મોનો સંન્યાશ [કરવાનું કહો છો, અને ઘડીકમાં જ્ઞાનરૂપી ખડગવડે સંશયને દુર કરીને કર્મ કર, આ પ્રમાણે કર્મનો ત્યાગ તથા કર્મનો સ્વીકાર, તે બંન્નેનું સ્વરૂપ એક બીજાથી વીરૂધ્ધ છે, માટે તે એકજ વખતે કેવી રીતે બની શકે. અને તે બંન્નેમાં જે વધારે ઉત્તમ હોય તે કૃપા કરી કહો. શ્રીભગવાન કહે છે, કર્મોનો ત્યાગ તથા કર્મોનો સ્વીકાર એ બંન્ને કલ્યાણ કરનારાં છે. તથાપી, કર્મોનો ત્યાગ કરવા કરતાં કર્મ કરવાં એ વધારે શ્રેષ્ટ છે. કર્મ કરવાથી ચીત્તની શુદ્ધી થાય છે અને ચીત્ત શુદ્ધ થવાથી તેમને આત્મજ્ઞાન થશે. અને આત્મજ્ઞાનનો પરિપકવ કરવા માટે, અહોનીશ સત્કર્મો કરવાં, તે શ્રેષ્ટ છે. જે પુરૂષ કોઇપણ વસ્તુઉપર રાગ દ્વેષ કરતો નથી, પરંતુ પરમેશ્વર અર્થેજ કર્મો કરે છે, તેને કર્મ કરવા છતાં નીત્ય સંન્યાશીજ જાણવો. સત્કર્મ કરનારો પુરૂષ ક્રમપ્રમાણે તત્વવેતા થયા પછી, દર્શન કરતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, ખાતાં, ચાલતાં, ઉઠતાં, બેસતાં, નીદ્રા કરતાં, શ્વાસ લેતાં, વીલાપ કરતાં, ત્યાગ કરતાં, ગ્રહણ

કરતાં, આંખ ઊઘાડતાં, તથા આંખ મીંચતા છતાં, પણ એ કંઈ હું કરતો નથી. એ તો ઇંદ્રીયો ઇંદ્રીયોનાં વીષયમાં વર્તે છે. આમ નીશ્ચય બુદ્ધી કરી ઈશ્વરપરાયણ થઈ, હું કંઈપણ કરતો નથી. એમ જે માને છે, તે તત્વવેત્તા પુરૂષ કર્મો કરતાં છતાં પણ કર્મોથી બંધાતો નથી. જે સર્વે કર્મો પરમાત્માને અર્પણ કરે છે, અને તેનાં ફળની આશા કરતો નથી, તે પાણીમાં પડેલું કમલપત્ર જેમ પાણીથી લેપાતું નથી, તેમ તે પણ પુણ્ય પાપરૂપી કર્મવડે લેપાતો નથી. અને અંતે મોક્ષ પદને પામે છે.

જેનું મન સમતામાં રહેલું છે, જેણે ઈંદ્રીઓને કબજે રાખેલ છે, અને જેની બુધ્ધી ઇશ્વરવીષેજ નીશ્ચયાત્મક છે, જેનુ મન સ્થીર છે, અને જે કામ તથા ક્રોધથી રહીત છે, અને જે સર્વ પ્રાણીઓનાં હીતમાં તત્પર છે, એવા સંન્યાશીઓ જીવતાંપણ સદા મુક્તજ (જીવનમુકત) સમજવા. અને અંતે પરબ્રહ્મમાંજ લય થાય છે. એટલે મુનેજ પામે છે. માટે મારા ભકતોએ કરેલા યજ્ઞોનો તથા તપશ્ચર્યાનો દૈવેચ્છાથી ઉપભોગ કરનાર, સર્વે લોકનો મહેશ્વર અને અંતરજામી એવો જે હું તેને જાણ્યા પછી મારી કૃપાથી મોક્ષને પામે છે. ઈતી શ્રીમદ ભગવતગીતા વીશે સંન્યાશ યોગ નામના પાંચમા અધ્યાયનો સાર સંક્ષેપમાં સંપુર્ણ.

પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચીને તેનું મનન કરશો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ૬ ઠો.

શ્રીભગવાન કહે છે—હે અર્જુન, જે પુરૂષ કર્મનાં ફળની ઈચ્છા રાખ્યાવીના શાસ્ત્રોકત કર્મો કરે છે, તેજ સંન્યાશી ત્થા યોગી છે. કર્મનાં ફળની આશા રાખનાર, કર્મનીષ્ટ કે જ્ઞાનનીષ્ટ હોય તોપણ તે યોગી ગણાતો નથી. અને ઉલટો ધર્મનો નાશ કરી પાપનો ભાગી થાય છે. મુખ્યત્વે અભીમાન રહીત થઇ, નીષ્કામ કર્મ કરનારો ઉત્તમ ગતીને પામે છે. સંસારમાં વીરાગ પામેલુ મનજ પોતાનો બંધુ એટલે ઉપકાર કરનાર છે. અને સંશારના સંગમાં આશકત થયેલું એક મનજ પોતાનો વૈરી એટલે અશુભ કરનાર છે. માટે મનને વશ કરવું. ઉપદેશથી મળેલા જ્ઞાનવડે ત્થા સાક્ષાત અનુભવ જ્ઞાનવડે જેનું મન તૃષ્ણારહીત થયું છે. જેણે ઇંદ્રિયોનો વીજય કરેલ છે, જેને માટીના કટકા ઉપર ત્થા પાષાણ ઉપર ત્થા સુવર્ણ ઉપર સમાન બુદ્ધી છે, તે યોગી યોગારૂઢ ગણાય છે. નીત્ય મનને ત્થા શરીરને નીયમમાં રાખનારા, આકાંક્ષા રહીત અથવા તો અહાર રહિત, અને પરીગ્રહ વીનાતા યોગીએ સર્વ સંગનો ત્યાગ કરી અહાય એકાંતમાં રહેવું, અને મનને સમાધીમાં જોડવું. નીયમીત રીતેજ અહાર વીહાર કરનાર,

નીયમ પ્રમાણે કામકાજ કરનાર, નીયમ પ્રમાણે નીદ્રા કરનાર, ત્થા જાગ્રત રહેનાર, દુઃખને દુર કરનાર એવો જે યોગી તે યોગાભ્યાસ કરી શકેછે. અને તેથી ક્રમે કરીને મન આત્મામાંજ સ્થીર થાયછે. આત્મા સ્થીર થયાથી આ લોક ત્થા પરલોકનાં સુખની ઇચ્છાનો ત્યાગ કરે છે, ત્યારે તે પુરૂષ આત્મયોગી કહેવાય છે. મન ચંચળ અને ભ્રમીત છે, એવા ચંચળ મનને સ્થીર કર્યા છતાં પણ તે સ્થીર ન રહેતાં, જે જે વીષય, તરફ જાય, તે તે વીષયોમાંથી તેને પાછું વાળીને આત્માને વીશેજ સ્થીર કરવું, અને સત્તકર્મમાં લગાડવું. ભ્રમીત અને ચંચળ મનને વીષયોમાં જતાં રોકી, વારંવાર બ્રહ્મસ્વરૂપનું ધ્યાન કરી હું અલેપ, અગુણ અને નીત્ય છું, તે આ ક્ષણીક અને મોહ રૂપી માયામાં કેમ ફસાવછું. મારી ફરજ શું છે, અને મારે શું કર્તવ્ય કરવાનું છે, એમ વારંવાર વીચાર કરી મન આત્માને વીસે સ્થીર કરવાથી ઘણાંક વખતે રજોગુણનો નાસ કરી પાપ રહીત થાયછે. આ પ્રમાંણે સદા મનને સ્વાધીન કરનારો પાપ રહીત યોગી શ્રમવીના અવિદ્યાનો નાસ કરનાર એવા બ્રહ્મના અપરોક્ષ જ્ઞાનરૂપી, સર્વોતમ સુખને પામે છે. અર્થાત જીવન્મુક્ત થાયછે. જે મુને પરમેશ્વરને સર્વે પ્રાણીઓ વીસે જુવેછે. ત્થા જે સર્વે પ્રાણીઓને મારે વીષે જુવેછે. તે મનુષ્યને હું પરોક્ષ નથી. અર્થાત્ હું તેને દર્શન આપીને કૃપા દ્રષ્ટીથી,

તેનાં ઉપર અનુગ્રહ કરૂંછું. જે પુરૂષ સર્વ પ્રાણીઓમાં રહેલા એવા મુને એકત્વ બુધ્ધીથી ભજેછે. તે જ્ઞાની થયોથકો સર્વથા કર્મનો ત્યાગ કરેછે. તો પણ તે મારેવીષેજ મોક્ષને પામેછે, અર્થાત ભ્રષ્ટ થતો નથી.

શ્રીભગવાન કહે છે—હે અર્જુન, જેમ સુખ પોતાને પ્રીય છે, અને દુઃખ અપ્રિય છે. તેમજ બીજા સરવે જીવોને સુખ થાઓ એવી ઇચ્છા કરેછે. પણ કોઇને દુઃખ થાય, એવી ઇચ્છા કરતો નથી, તેને શ્રેષ્ટ યોગી હું માનુંછું.

અર્જુન કહે—હે કૃષ્ણ કોઈ પણ પુરૂષ શ્રધ્ધા સાથેજ પ્રથમ યોગમાર્ગમાં પ્રવર્તેછે. પરંતુ પાછળથી, તેનું મન યોગમાંથી ચલાયમાન થઇ વીષય તરફ વળેછે. તેથી તેનો વૈરાગ્ય મંદ પડી જવાથી જ્ઞાન મલતું નથી, તો તેની શી ગતી થાયછે, તે કહો.

શ્રીભગવાન કહે છે—હે કુરૂવંશી પુત્ર અર્જુન, નૈમીત્તીક કર્મો ઇશ્વરાર્પણ કરેલાનું ફળ કદી પણ જતું નથી. પણ તેનાં કર્મનાં સંસ્કાર પ્રમાણે, યજ્ઞ કરનારા અથવા સદાચારવારા શ્રીમંતોનાં ઘરમાં અવતરેછે, અને પુર્વનાં સંસ્કારને લીધે, મોક્ષ માટે અધીક પ્રયત્ન કરેછે, પણ કલ્યાણ કરનારો કોઈ પણ મનુષ્ય દુર્ગતીને પામતો નથી. ત્યારે યોગમાગમાં યત્નથી તથા યોગાભ્યાસથી પાપરહીત થયેલો એવો યોગી, સારો જ્ઞાની

થઈને શ્રેષ્ટ ગતીને પામે તેમાં શું કહેવું. કૃચ્છચાંદ્રાયણાદીક તપમાં નીષ્ઠાવાળા તપસ્વીઓ કરતાં, શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારા પુરૂષો કરતાં.વાવ, કુવા, તળાવ વગેરે ખોદાવનારાઓ કરતાં યોગી અધીક મનાયલો છે. માટે;હે અર્જુન તું યોગી થા સર્વે યોગીમાં જે યોગી શ્રધ્ધા સંપન્ન થઈને મારે વીશે મન લગાડી મારૂ ભજન કરેછે, તેનેજ હું ઉત્તમ યોગી માનુછું. ઈતી શ્રીમદ ભગવદગીતા વીશે અધ્યાત્મ યોગ નામનાં છઠા અધ્યાયનો સંક્ષેપમાં સાર સંપુર્ણ.

પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચી તેનું મનન કરસો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ૭ મો.

શ્રીભગવાન કહે છે—હે અર્જુન પ્રાણીઓ અસંખ્ય છે. તેમાં મનુષ્યવીના બીજાં કોઈ પ્રાણી કલ્યાણ માટે પ્રવૃતી કરી સકતાં નથી. અને મનુષ્યમાં પણ હજારોમાંથી. કોઈકજ પુર્વ જન્મનાં પુણ્યને લીધે, આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરેછે. અને તેવા હજારોમાંથી કોઈકજ આત્મજ્ઞાનવડે મારી કૃપાથી મારા સ્વરૂપને યથાર્થ રીતે જાણેછે. તેમાં પણ જેનું મન અહોનીસ, મારેવીસે લાગેલું છે. તે જીવનમુક્ત મારો દાસ જાણવો. તે વગર મારી ગતીને કોઈ જાણી સકતું નથી. પૃથ્વી, જલ, વાયુ, અગ્ની, આકાસ, મન, બુધ્ધી, અહંકાર, આ પ્રમાણે મારી

માયા નામના સકૃતી આઠ પ્રકારની છે. અને તેથી જગત ઉતપન્ન કરૂં છું. અને પાછું લય પામી અંતે મારામાંજ સમાય છે. તેમાં અધીકારી મન છે. તે આઠ પ્રકૃતી કરતાં બીજી જીવ નામની ચેતન પ્રકૃતીને તારે શ્રેષ્ટ જાણવી. કારણ કે જડ પ્રકૃતીથી શરીર બંધાયછે. અને મારા અંસરૂપ જીવનામની પ્રકૃતી જે ચેતન છે, તે શરીરમાં પ્રવેશ કરીને પોતાનાં કર્મોથી દેહોને ટકાવી રાખે છે. તે બંન્ને પ્રકૃતી મારાથી ઉતપન્ન થઈ છે. માટે પ્રકૃતી સહીત સર્વ જગતનો ઉત્પન્ન કર્તા, તથા સંહાર કરતાં પણ હું છું. જેમ સુત્રમાં મણીઓ પરોવાઈ રહેછે, તેમજ આ સર્વ જગત મારેવીસે પરોવાઈ રહેલ છે. હું પાણીમાં રસરૂપે રહું છું. સુર્ય તથા ચંદ્રમામાં હું પ્રકાશરૂપે રહેલછું. સર્વે વેદોમાં તેઓનો મુળભૂત ૐ કાર હું છું. આકાશમાં સબ્દતન્માત્રા રૂપ હું છું, તથા પુરૂષોમાં ઉધમ પણ હું છું પૃથ્વીમાં પવિત્ર ગંધ હું છું, અગ્નીમાં હું તેજ છું, સર્વે પ્રાણીઓ વીષે હું જીવન છું. એટલે પ્રાણ રક્ષક આયુષ્ય છું. તપસ્વી જનોમાં તપ હું છું. સર્વે સ્થાવર જંગમ પ્રાણીઓનાં સજાતીય કાર્ય ઉત્પન્ન કરવામાં સમર્થ, અને ઉત્તરોત્તર સર્વ કાર્યમાં જોડાયલું જે અવીનાસી બીજ તે હું છું. બુધ્ધીમાનોમાં બુધ્ધી છું. અને તેજસ્વીઓમાં તેજ હું છું. સ્વધર્મમાં અનુકુલ રહેનાર અને પોતાની ધર્મપત્ની વીષે સંતાન ઉત્પન્ન કરવામાંજ

ઉપયોગી એવો પ્રાણીઓમાં વસતો જે કામદેવ તે પણ હુ છુ. તેમજ પ્રાણીઓનાં પોતાનાં કર્મોથી બીજા પણ સમદમ આદીક આત્વીક ભાવો તથા દ્વેષ દર્પ આદીક રાજસભાવો અને સોક, મોહ- આદી તામસભાવો ઉત્પન્ન થાયછે, તે સહુ મારી માયાના ત્રણ ગુણોનાં કાર્યોછે. તેમ આ જગત મારાથી જરાપણ અલગ નથી. છતાં પણ હું જીવની પેઠે તેઓને આધીન નથી. અને મારી જે ત્રીગુણ પ્રકૃતી રૂપી માયા છે, તેને આજ્ઞા દઇ હુ અલગ રહી આ સંસાર ચલાવુંછું. ઉપર કહેલા સત્વ, રજ, અને તમ એ ત્રણગુણનાં વીકારરૂપ, કામ, ક્રોધ, લોભાત્મક વગેરે સ્વભાવ વડે આ સર્વ જગત મોહીત થયુંછે. મારી પરમેશ્વરની અલૌકીક અને સ્તવાદીક ગુણનાં વીકારવાળી માયા અતી દુસ્તર છે. એ વાર્તા પ્રસીધ્ધ છે. તથાપી જેઓ દુષ્ટ સંગતથી અલગો રહી શ્રધ્ધાએ કરી. એકાંતીક અનન્ય ભક્તિ વડે મુને ભજેછે, તેઓ મારી આ દુસ્તર માયાને પણ તરેછે. અને પછી મુનેજ પામેછે.

હે ભરતવંસમાં શ્રેષ્ટ અર્જુન—મુને ભજનારા ચાર પ્રકારે ભજેછે. એક આર્ત બીજા આત્મજ્ઞાનની ઇચ્છાવાળા ત્રીજા આ લોકને પરલોકનાં સાધનરૂપ એટલે ઇચ્છાવાળા તથા ચોથા જ્ઞાની એટલે આત્મજ્ઞાની ઉપર પ્રમાણે ચારે પુણ્યવંતોમાં જે જ્ઞાની નીત્ય મારે વીસે નીષ્ઠાવાળો, અને એક મારેવીષેજ

ભક્તિ રાખનારો જ્ઞાની સર્વ કરતાં શ્રેષ્ટ છે. જ્ઞાનીને હું અત્યંત પ્રીયછું. અને જ્ઞાની મુને બહુ પ્રીયછે. ઉપર કહેલા ચારે ભક્તો ઉદારજ છે. એટલે મોક્ષનાં ભાગી છે. પણ જ્ઞાની તો મારો આત્માજ છે. અને અંતે મુનેજ પામેછે. કામનાવાળા પુરૂષો પણ કામ પ્રાપ્ત માટે મુને પરમેશ્વરનેજ ભજેછે. અને કામનાં પ્રાપ્ત કરી ધીરે ધીરે મુક્ત થાયછે. પુત્ર લાભ, કીર્તી, શત્રુવીજય. ઈત્યાદીક અનેક કામનોઓ માટે ભુત, પ્રેત, યક્ષઆદીક ગમેતે દેવતાઓની ઉપાસના કરવી અથવા ઉપવાસ આદીક નીયમો પાળી ગમે તે દેવતાઓની મુર્તીની શ્રધ્ધાથી પુજા કરવાની ઇચ્છા રાખેછે, તે ભક્તોનો પ્રેમ. તે મુર્તીવીશે હું અંતરજામી અચળ શ્રધ્ધા કરાવુંછું. ને તે શ્રધ્ધાથી તે મુર્તીનું આરાધન કરી, જે કામનાનો સંકલ્પ કરેલ હોય તે મનોરથ તે દેવતા પાસેથી મેળવેછે. તે મનોરથો તે તે દેવતાઓનાં અંતર્યામી એવા મેંજ પુર્ણ કરેલછે. આમ જાણવું. કારણ કે તે દેવો મારે આધીન છે. અને મારૂં સ્વરૂપ છે. જો કે સઘળા દેવતાઓ મારી મુર્તી છે. અને તેમનું આરાધન કરવાથી તે ફળ પણ હું તેમની દ્વારા આપુંછું, છતાં પણ મારા ભક્તોનાં ફળમાં, ને તેમનાં ફળમાં ફેર હોયછે તે સાંભળ હે અર્જુન તે તે દેવોના અલ્પ બુધ્ધીવાળા ઉપાસકોને ફળ આપેલા નાસવંત હોયછે. તે તે દેવતાઓનું યજન કરનારાઓ તે તે દેવતાઓને પામેછે,

અને અંતે કૃમે કરી નાસ પામેછે. પણ મારા ભકતો આદી અંત રહીત પરમાનંદ રૂપ મુનેજ પ્રાપ્ત કરેછે. હું સંસારથી જુદોછું. તેમ મુને જન્મ મરણ નથી છતાં પણ જ્યારે અધર્મ પ્રવર્તેછે, ત્યારે હું જગતની રક્ષા કરવા માટે અનેકજાતનાં શુધ્ધ અને સાત્વીક સ્વરૂપ ધરૂંછું. પણ તે અલ્પ બુધ્ધીવારા મુને જાણી સકતાં નથી, પણ મારા ભકતોજ જાણેછે. અને તેને દર્શન પણ આપુંછું. જેઓ અધીભુત, અધીદૈવ, અને અધીયજ્ઞ સહીત મારાં સ્વરૂપને જાણેછે. તે મારે વીષે આસકત મનવાળા પુરૂષો મરણ વેળા પણ મુને ભજેછે. માટે મારા ભકતો યોગ ભ્રષ્ટ થતા નથી. ઇતી શ્રીમદ ભગવતગીતા વીસે જ્ઞાનયોગ નામનાં સાતમા અધ્યાયનો સંક્ષેપમાં સાર સંપુર્ણ.

હે પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચી તેનુ મનન કરશો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ૮ મો.

અર્જુન કહે છે—હે પુરૂષોત્તમ ઉપર જે બ્રહ્મ કહ્યું તે શુ અધ્યાત્મ એટલે શું, અને અધીભુત કોને કહે છે, અને અધી દૈવ કોણ, અંતકાળ વેળાએ મનને નીયમમાં રાખનાર પુરૂષો એ કેવા ઉપાયોથી તમને જાણવા તે કહો.

ભગવાન કહે છે—આ જગતનું ઉત્તમ તથા અવિનાશી જે મુળ કારણ તે બ્રહ્મ કહેવાય છે. સ્વભાવ એટલે બ્રહ્મનો

અવરૂપે થવું તે તેજ શરીરનાં ભોકતારૂપે રહેતો થકો અધ્યાત્મ કહેવાય છે. જરાયુજ, અંડજ, સ્વેદજ, અને ઉદ્‌ભીજ એવી ચાર પ્રકારની પ્રાણીઓની ઉત્પતી, ત્થા સુર્યથી વૃષ્ટી, વૃષ્ટીથી અન્ન, અને અન્નથી પ્રજાની ઊત્પતી, આવી રીતે પ્રાણીઓની ત્થા સૃષ્ટીની ઉત્પતી ત્થા વૃધ્ધીને કરનારો જે યજ્ઞ તેનું નામ કર્મ છે. દેહ આદીક નાસવંત પદાર્થો અધીભુત કહેવાય છે. સુર્યમંડળની મધ્યે રહેનાર મારા અંશમાંથી ઉત્પન્ન થયેલા સર્વે દેવતાઓનાં અધીપતી વીરાટ પુરૂષ અધી દૈવ કહેવાય છે. મરણ વખતે મનુષ્ય પરાધીન થઈ જવાથી મારૂં સ્મરણ કરી શકતો નથી. તે વખતે તો માત્ર પુર્વની વાસનાથી મારૂં સ્મરણ થાય છે. અંતકાળ વખતે મનને સ્થીર કરીને જે પુરૂષ ૐ એવા એક અક્ષરરૂપી બ્રમ્હ મુર્તીનો, અથવા તો પોતાનાં ગુરૂમંત્રનો શુધ્ધ ચીત્તવડે ઉચ્ચાર કરતાં, એટલે મારૂં સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરે છે, તો તે મારી શ્રેષ્ઠ ગતીને પામે છે. સ્મરણ ચીત્તની શુધ્ધીવીના થતું નથી. માટે ચીત્તની શુધ્ધી કરવા શારૂ, સુદ્ધાદીક સ્વધર્મ આચર, અને મારે વીશે મન ત્થા બુદ્ધીને અર્પણ કરનાર એવો તું મનેજ પ્રાપ્ત થઈશ એમાં સંદેહ નથી.

હે અર્જુન બ્રમ્હલોકથી માંડીને સર્વે લોક પુનર્જન્મ ધરનારા છે. જ્યારે બ્રમ્હલોક નાશવંત છે, ત્યારે ત્યાં ગયેલા

લોકોનો પણ અવશ્ય નાસજ થાય, તેમાં તો શું કહેવું.
મનુષ્યોનું જે વર્ષ તે દેવતાઓનાં દીવસરાત્રી છે. તેવા ત્રીશ
દીવસનો એક માસ અને તેવા બાર માશનું એક વર્ષ, અને
તેવા અડતાલીસ હજાર વર્ષનો બ્રમ્હાનો એક દીવસ થાય છે.
તેપ્રમાણે પક્ષ, માસ, વરસ વગેરે ક્રમેથી ગણતાં જ્યારે સો
વરસ પુરા થાય છે, ત્યારે બ્રમ્હાની આયુષ્ય પુર્ણ થઈ નાશ
થાય છે. જ્યારે બ્રમ્હાના દીવસનો આરંભ થાય છે, ત્યારે
અવ્યકત એટલે કારણરૂપી માયાથી સર્વ સ્થાવર જંગમ
વ્યકિતઓ પ્રગટ થાય છે. અને જ્યારે બ્રમ્હાની રાત્રીનો
આરંભ થાય છે, ત્યારે આ સર્વ જગતનો લય થાય છે. અને
ફરીને જ્યારે પાછો દીવસ થાય છે, ત્યારે કર્માદીકને આધીન
એવો તેજ પ્રાણી ફરી ઉત્પન્ન થાય છે.

મહા પ્રલય થતી વેળાએ બ્રમ્હાના પરમ આયુષ્યને અંતે
જેઓની મનોવૃતી બ્રમ્હરૂપ થયેલી છે, એવા તે સર્વે
મહાત્માઓ બ્રમ્હાની સાથે પરમ પદમાં પ્રવેશ કરે છે. પરંતુ
જેઓ કર્મદ્વારા 'બ્રમ્હલોકમાં જાય છે,' તેમને મુકિત મલતી
નથી. પરંતુ મને પ્રાપ્ત થયેલા મનુષ્યો ફરી જન્મતાંજ નથી.

હે અર્જુન-તપસ્વી, દાતા વગેરે જે કાલાભીમાની દેવતા
વાળા માર્ગઉપર ગયલા યોગીઓ, તથા કર્મ કર્તાઓ, ધુમરાત્રી,
કૃષ્ણપક્ષ તથા છ મહીના દક્ષીણાયન, આ સર્વના અભીમાની

દેવતાઓ, તે તે સમયમાં અભીમાની થઈને રહે છે. અને તે દક્ષીણાયનમાં મરણ પામેલો કર્મયોગી ચંદ્રમાના તેજને એટલે સ્વર્ગલોક પામીને, ત્યાં આગળ ઈષ્ટાપુત્ર આદીકનું, પુણ્ય ભોગવી ફરીને આ લોકમાં જન્મે છે. માટે હે અર્જુન તું સ્વર્ગાદીકનાં સુખની આશા નહીં રાખતાં કેવળ મારેવીષે નીત્ય મનને જોડી નીષ્કામ યોગી થા, અને અહોનીશ મારૂંજ ચીંતવન કરી શાસ્ત્રમાં લખવા પ્રમાણે સુપાત્રાદીક દાન દેવાથી અંતે મારા પરમ પદને પામીશ. ઈતી શ્રીમદ ભગવદગીતા વીશે અક્ષર બ્રમ્હયોગ નામના આઠમા અધ્યાયનો સાર સંક્ષેપ્તમાં સંપુર્ણ.

હે પ્રીય વાંચકો નીચેનાં અધ્યાયને વાંચીને તેનું મનન કરશો તોજ વાંચવાનું સાર્થકતા છે.

અધ્યાય ૯ મો.

શ્રીભગવાન કહે છે-હે અર્જુન, પરમ કારૂણીક એવા હું ઉપર આ કૃષ્ણ તો વારંવાર પોતાનુંજ મહાત્મ્ય કહે છે. આવી દોષ દૃષ્ટી તું કરતો નથી. માટે હું તુને છાનાંમાં છાનું એવું ઉપાસના સહીત ઈશ્વર સંબંધી જ્ઞાન કહીશ. જે જાણુ-વાથી તું આ અશુભ એવા સંસારમાંથી તુરતજ મુકત થઈશ. હે અર્જુન જે પુરૂષ શ્રદ્ધાવીના કાંઈપણ શતકર્મ, અથવા જપ અથવા દાન કરે તે વ્યર્થ જાય છે. અને લોકોમાં ખોટો ધર્મનો દંભ કરી શાસ્ત્રનો ખોટો વાદ કરે છે, તેને મારૂં પદ

મલતું નથી. હે અર્જુન, જેમ આકાશમાં વાયુ રહેલ છે, પણ વાયુમાં આકાશ રહેતું નથી. તેમજ સર્વે ભુત પ્રાણીઓ મારે વીષે રહેલાં છે. તથાપી હું તેનાથી બંધાતો નથી. એમ તારે જાણવું. હે કુંન્તા પુત્ર પ્રલય વેળા સર્વ પ્રાણીઓ મારી નીર્ગુણ માયા વીશે લીન થાય છે. અને ફરીને સૃષ્ટીની વેળા હું સર્વે પ્રાણીઓને સરજું છું. અર્જુન કહે છે, તમે આવા પરમેશ્વર છો, ત્યારે કેટલાએક તમને શામાટે ભજતા નથી.

શ્રીકૃષ્ણ કહે છે—હે અર્જુન મારા કરતાં બીજા દેવતાઓ તુરત ફળ આપસે. આવી નીષ્ફળ આસાવાળા નાના પ્રકારનાં કુતર્કોવાળાં, શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારા, વિક્ષીપ્ત મનવાળા મારા પરમ તત્વને નહીં જાણનારા મૂઢ લોકો તમો ગુણી તથા બુધ્ધીને ભ્રષ્ટ કરનારી રાક્ષસી પ્રકૃતીને તથા રજોગુણ વાળી આસુરી પ્રકૃતીનો આશ્રય કરીને મારો તીરસ્કાર કરેછે. પણ સત્વગુણવારા દૈવી સંપત્તીનો આશ્રય કરનારા, મારે વીષેજ મન રાખનારા, સદાય સાવધપણે રહી મારૂંજ કીર્તન કરનારા શ્રધ્ધાએ કરી મુનેજ પામેછે.

શ્રુતીઓએ પ્રગટ કરેલા અગ્નીષ્ટોમ તથા અત્યગ્નીષ્ટોમ વગેરે યજ્ઞ હું છું તથા સમૃતીઓમાં પ્રગટ કરેલા પંચ યજ્ઞાદીક હું છું. પીતૃઓ માટે કરેલા શ્રાધ્ધાદીકમાં સ્વધા રૂપ હું છું. ઔષધીથી થયેલું અન્ન હું છું, અનુવાકયાદીક મંત્ર હું છું.

આહુવનીય અગ્ની હું છુ, અને હોમ પણ હું છું, હું આ જગતનો પિતા, માતા, કર્મફૂલનો દાતા, પીતામહ. પ્રાયશ્ચિત્ત અથવા તો પવિત્ર વસ્તુ ૐકાર ઋગવેદ, યજુર્વેદ અને શામવેદ હું છું. રક્ષા કરનાર, હીતકર્તા, સ્રષ્ટા, પ્રલયકર્તા પણ હું છું. હું ઊનાળામાં સુર્યરૂપે રહી જગતને તપાવુછું. ચોમાસામાં મેઘરૂપે જલ વરસાવુંછું. કોઇ વખત જલ પણ વર્ષાવતો નથી. જીવન મરણ સ્થુલ તથા સુક્ષ્મ એ સર્વ હુંજ છું, આમ માનીને લોકો મુને બહુરૂપે ઉપાસે છે. સ્વર્ગની કામનાવાળાઓ તથા રૂગવેદ, યજુર્વેદ અને સામવેદે પ્રદર્સીત કરેલા યજ્ઞોને અનુસરનારા કામનાની ઇચ્છાવાળા પુરૂષો વારંવાર આલોકમાંથી પરલોકમાં અને પરલોકમાંથી આલોકમાં આવજાવ કર્યા કરેછે. મારાવીના બીજા કોઇ પણ દેવને નહીં પુજનારા તથા મારૂંજ ચીંતવન કરનારા મારી ઉપાસના કરેછે, તેને યોગ (ધનાદીકનો લાભ) ક્ષેમ (મળેલી વસ્તુનું રક્ષણ) તથા મોક્ષ તેઓની પ્રાથનાવગર હુંજ આપુંછુ.

હે મધુવંસોત્પન્ન શ્રીકૃષ્ણ—આપે ઉપર કહેલ જે બીજા દેવતાઓ પણ મારાથી જુદાજ નથી. વસ્તુતા એ એકજ છે. ત્યારે ઇંદ્રાદીક દેવતાઓનું સેવન કરનારા પણ તમારાજ ભકતો ગણાય, છતાં તે ગતાગત્ પણાને કેમ પામેછે, તે કહો.

હે કુંતા પુત્ર અર્જુન—જે મનુષ્યો શ્રધ્યાવાળા ભકતો છતાં પણ યજ્ઞવડે ઇંદ્રાદીક બીજા દેવતાઓનું યજન કરેછે, તેઓ

મારૂ યજન કરેછે. તે વાત તો ખરી છે. પરંતુ હે અર્જુન તેઓ મોક્ષ આપે એવી વીધીવાળું યજન કરતા નથી. માટે તેએ ફરીને જન્મ મરણુ પામે છે. હુંજ સર્વે યજ્ઞોનો તે તે દેવતાએ રૂપે ભોકતાછું. તથા ફલદાતા પણ હુંજછું. છતાં તેઓ મારાં સ્વરૂપ ને યથાર્થ રીતે સમજતા નથી. માટે તેઓ ફરી જન્મ લે છે. જેઓ મને સર્વ દેવતાઓનો અંતર્યામી ગણીને મારૂં યજન કરે છે તેઓ ફરીને જન્મ મરણુ પામતા નથી.

હે અર્જુન હું મહા વીભુતીવાળો પરમેશ્વર પુષ્કળ ધન વાળા યજ્ઞોથી પ્રસન્ન થતો નથી પણ શ્રદ્ધાએકરી પત્ર-પુષ્પ ફૂળ કે જલ પ્રેમ પુર્વક અર્પણ કરે છે. તે શુધ્ધ અંતઃકરણવાળા અને કામના રહીત ભકતનાં પત્ર પુષ્પ આદીક વસ્તુ પ્રેમથી ગૃહણુ કરૂં છું. માટે હે કૂંતા પુત્ર તું સ્વભાવથી કે શાસ્ત્ર વીધીથી. જે કર્મ કરે છે. જે ખાય છે. જે હોમે છે. જે આપે છે તથા જે તપકરે છે તે સર્વે મુને અર્પણ થાય તેમ કર. અને આમ મુને કર્મો અર્પણ કરવાથી કર્મનાં સારા નરસાં ફલોમાંથી તું છુટો થઇસ અને અંતે યોગેકરી તું મુનેજ પ્રાપ્ત થઇસ. હે શ્રી કૃષ્ણ તમો જ્યારે, ભકતોનેજ મોક્ષ આપોછો. પરન્તુ બીજાઓને મોક્ષ આપતા નથી. ત્યારે તમારામાં પણ વીષમતા પણું છે. તેનાં જવાબમાં શ્રી ભગવાન કહે છે. હે અર્જુન હું સર્વ પ્રાણીઓ વીષેસમાન રીતે રહું છું. માટે મને કોઇ પ્રીય

પણ નથી. તેમ કોઈ શત્રુ પણ નથી. છતાં પણ જે ભકતો ભકિત વડે મને ભજે છે. તે ભકતો મારે વીષે અને હું પણ તેઓ વીષે અનુગ્રહ કર્તા રૂપે રહુંછું. જેમ અગ્ની પોતાનું સેવન કરનારનાં અંધારાને તથા ટાઢ વગેરે દુઃખોને દુર કરેછે. અને કલ્પ વૃક્ષ પોતાનાં નીચે બેશનાર ની આસા પુરેછે. તેમજ હું પણ મારી ભકતી કરનારા ભકતોનો પક્ષપાત કરૂંછું. તેમાં કાંઇ મારી વીષમતા નથી. દુરાચારી-કપટી દુષ્ટકર્મના કરનારાનું મન પણ મુને ભજવાથી તુરત ધર્મમાં લીન થાય છે. અને પરમેશ્વર સબંધી દ્રઢ નીષ્ટાને પામેછે. ભગવાનનો ભકત ગમે તેવો દુરાચારી હોય. તો પણ નરકનું દુઃખ ભોગવતો નથી. માટે હે ભરતવંસી અર્જુન તું મારે વીષે મન રાખ. મારોજ ભકતથા. મારૂંજ યજન કર. અને મુનેજ નમસ્કારકર. આરીતે મારા પરાયણ થઈ. મારે વીષે મનને સ્થીર કર્યા પછી તું મનેજ પ્રાપ્ત થઇશ. ઈતી શ્રીમદ ભગવદગીતા વીષે રાજ વીદ્યારાજ ગુહ્યયોગ નામનાં નવમા અધ્યાયનો સાર સંક્ષેપ્તમા સંપુર્ણ.

અધ્યાય ૧૦ મો

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન ઈંદ્ર ગંધર્વ-બ્રહ્માદીક દેવતાઓ રૂષીઓ વગેરે પણ મારી અલૌકીક ગતીને કોઇ જાણી સકતું નથી. છતાં પણ જે મનુષ્ય મને સર્વનું કારણ હોવાથી અનાદી અજન્મા. તથા સર્વ લોકોનો મહેશ્વર જાણેછે.

તે પુરૂષ મનુષ્યોમાં મોહ રહીત થઇને સર્વ પાતકોમાંથી મુક્ત થાયછે. અર્થાત શુદ્ધ થાય છે. બુદ્ધી—સારાસાર વીવેકની નીપુણતા. આત્મજ્ઞાન શાંતી. ક્ષમા—સહનસીલતા સત્ય. દમ—એટલે બ્રાહ્મેંન્દ્રિયોનો નીયમ. સમ—એટલે અંન્તર ઇન્દ્રિય નીગ્રહ સુખ-અનુકુળ જ્ઞાન. દુઃખ—વીરૂદ્ધતા. ઉત્પત્તી. અનુત્પત્તી. ત્રાસ. અહીંસા-બીજાને પીડા ન કરવી. સમતા—એટલે રાગ દ્વેષથીરહીત શત્રુમીત્ર સાથે સમભાવ. દૈવઈછાએ મળેલી વસ્તુ ઉપર સંતોષ. દાન એટલે ન્યાયથી મેળવેલાં ધનાદીક સુપાત્રને આપવાં વગેરે અનેક જુદાજુદા ભાવો પ્રાણીઓને મારાતરફથી થાયછે. હે-કૃષ્ણ હે મધુવંસોત્પન્ન. હે અધમ ઓધારણ તમો પ્રાણીઓનાં ઉત્પાદકછો. પ્રાણીઓનાં સ્વામી છો. આદિત્યાદીકનાં પ્રકાસકછો અને જગતના પાલક છો હે પુરૂસોત્તમ તમે સ્વયંપ્રકાસ છો માટે પોતાની મેળેજ પોતાને જાણો છો. તમને સ્વસ્વરૂપ જાણવામાં બીજા સાધનોનું કામ પડતું નથી. તમારી વીભુતીઓ દેવાદીક જાણતા નથી માટે આપ જે વીભુતીઓઃ વડે આલોકમાં વ્યાપ્ત થઈને રહ્યાછો. તે આશ્ચર્ય કારક તમારી સર્વ વીભુતીઓ કહો.

શ્રી ભગવાન બોલ્યા—હે વત્સ મારી અલૌકીક એવી મુખ્ય વીભુતીઓ કહીસ કારણ કે મારી અવાંતર વીભુતીઓ તો ઘણી છે એટલે જેનો અંત નથી, હે ગુડાકેસ, હું વીશ્વરૂપ થઇ આ આખા જગતમાં અંતરજામી રૂપે રહેલ છું, તે તું સાંભળ.

સર્વ પ્રાણીઓવીષેના અંતઃકરણમાં રહેલો આત્મા હું છું. તેમજ સર્વે પ્રાણીઓની ઉત્પતી, સ્થીતી અને લય કરનાર પણ હું છું. બાર આદીત્યોમાં વામનાવતાર ધારી, વીષ્ણું નામનો આદીત્ય હું છું. તેજમાં હું સુર્ય રૂપે રહેલ છું. નક્ષત્રમાં હું ચંદ્ર છું. સાતવાયુમાં હું મરીચી નામનો વાયુ છું. વેદોમાં હું સામવેદ છું. દેવતાઓમાં હું ઇંદ્ર છું. ઇંદ્રીયોમાં હું મન છું. એકાદસ રૂદ્રમાં હું શંકર છું. અને રાક્ષસોમાં (વીભીષણ) કુબેર છું. આઠ વસુઓમાં હું અગ્ની છું. સર્વ પર્વતોમાં હું મેરૂ પર્વત છું. પુરોધાઓની વચે હું બ્રહસ્પતી મુખ્ય છું. દેવના સેનાપતીમાં હું કાર્તીકસ્વામી છું. અને સરોવરમાં હું સાગર છું. રૂષીઓમાં હું ભ્રગુ છું. વાણીઓમાં એટલે અક્ષરમાં ૐ કાર છું. યજ્ઞમાં હું જપયજ્ઞ છું. તથા સ્થાવરોમાં હું હીમાલય છું. સર્વ વૃક્ષોમાં હું પીપળો છું. દેવર્ષીઓમાં હું નારદ છું. ગંધર્વોમાં ચીત્રરથ છું. સીધ્ધોમાં કપીલમુની છું. ઘોડાઓમાં ઉચ્ચૈશ્રવા નામનાં ઘોડાને મારી વીભુતી જાણ. હાથીમાં ઐરાવત હાથીને મારી વીભુતી જાણ. અને મનુષ્યોમાં હું રાજા છું. આયુધોમાં હું વ્રજ છુ. ગાયોમાં કામદુધા ગાય છું. સર્વ પ્રજાને ઉત્પન્ન કરનાર હું કામરૂપે છું. સર્પમાં હું વાસુકી નામનો સર્પ છુ. ઝેરરહીત સર્પોમાં હુ શેષનાગ છું. જળચરોમાં હું વરૂણ છું. પીતૃઓમાં હું અર્યમા નામનો પીતૃ છું. શીક્ષા

આપવામાં હું યમ રાજા છું. દૈત્યમાં હું પ્રલ્હાદ છું. પશુઓમાં હું સીંહ છું. અને પક્ષીઓમાં હું ગરૂડ છું. શસ્ત્રધારીમાં હું રામ અથવા જમદગ્નીનો પુત્ર પરશુરામ છું. મત્સયોમાં હું મગર મચ્છ છું. અને નદીઓમાં હું ગંગાનદી છું. વીદ્યામાં હું આત્મવીદ્યાછું.સતીઓમાં હું સીતા છું.સંહાર કરવામાં હું કાળરૂપે એટલે સરવેનો સંહારકરનાર મૃત્યુ છું. અને જેઓનું ભવિષ્યમાં કલ્યાણ થનાર છે, એવા પુરૂષોનો ઉદય પણ હુ છું. નારીઓમાં કીર્તી, લક્ષ્મી, વાણી, સ્મૃતી, મેધા, ધૃતી અને ક્ષમા આ સાત દેવીઓ છે તેમાં કીર્તી વગેરે મારી વીભુતી છે. છંદવાળા મંત્રમાં હું ગાયત્રી મંત્ર છું. શામ માત્રમાં હું બૃહત્સામ છું. બાર માસમાં હું માગશાર માસ છું. ઋતુઓમા હું વસંતરૂતુ છું. પરસ્પર છેતનારાઓમાં હું જુગાર છું. પ્રભાવવંતોમાં હું પ્રભાવ છું વીજયોમાં હું જય છું. વ્યવસાયીયોમાં હું ઉદ્યમ છું. સાત્વીકોમાં હું સત્વગુણ છું. વૃષ્ણીવંશોમાં હું વાસુદેવ છું. પાંડવોમાં હું અર્જુનરૂપ છું. તાત્પર્ય તુંજ મારી વીભુતી છે. મુનીઓમાં હું વેદવ્યાસ છું. કવિઓમાં હું શુક્રાચાર્ય છું. શીક્ષા દેવામાં હું દંડરૂપે છું વીજયેચ્છુ(મનુષ્યોનીશામ દામ આદીકનીતીહુ) છું, ગુહ્ય રાખવા યોગ્ય વસ્તુઓમાં હું મૌન છું. અને તત્વજ્ઞાનીઓનું જે જ્ઞાન તે પણ હું જ છું.હે અર્જુન મારી અલૌકીક વીભુતીઓનો છેડો નથી. પણ ટુંકમાં હું આખા વીશ્વને મારા

એક અંશવડે ધારણ કરીને રહેલ છું. સ્થાવર તથા જંગમમાં એવો કોઈ પદાર્થ નથી, જે મારાવીના બની શકે. માટે હે અર્જુન સર્વ પ્રાણીઓનું જે કંઈ કારણ છે, તે હુંજ છું માટે હે અર્જુન તું સ્વધર્મનો અનાદર નહીં કરતાં, કેવલ મારે પરાયણ થઇ, યુધ્ધ કરવા ઉભો થા. ઈતી શ્રીમદ ભગવદગીતા વીશે વીભુતી યોગ નામના દશમાં અધ્યાયનો સાર સંક્ષેપ્તમાં સંપુર્ણ.

અધ્યાય ૧૧ મો.

અર્જુન કહે છે–હે પ્રભુ, હે કૃષ્ણ, મારો શોક દુર કરવાને માટે, તમે ગોપન કરવા યોગ્ય અને પરમાર્થવાળાં અધ્યાત્મ વચનો કહ્યાં, તેથી હું મારનાર છું, બીજાઓ હણાશે, આવો મુને જે ભ્રમ હતો, તે દુર થયો. પણ હે પુરૂષોત્તમ, હે ઈશ્વર, હે જગનીયંતા, હે સચીદાનંદ પ્રભુ, હું તમારૂં જ્ઞાન, ઐશ્વર્ય, શકિત, બળ, વીર્ય અને તેજવાળું ઇશ્વરી સ્વરૂપ આશ્ચર્યથી જોવાને ઇચ્છું છું. પરંતુ હે પ્રભો, હે યોગેશ્વર હું આપનું તે અદભુત શરીર જોઈ શકીશ. એમ તમો માનતા હો તોજ તમારૂં અવિનાશી સ્વરૂપ ઉપર કહેલું તે મુને કૃપા કરી દેખાડજો.

શ્રીભગવાન કહે છે–હે અર્જુન, હે પૃથાપુત્ર, હું તુને જુદી જુદી આકૃતીવાળાં, ધોળાં, કાળાં, એમ અનેક રંગના, અને અનેક જાતનાં મારાં સેંકડો તથા હજારો રૂપ દેખાડું તે જો. બાર સુર્યો, આઠ વસુઓ, અગીયાર રૂદ્રો, બે અશ્વની કુમારો તથ,

ઓગણપચાસ વાયુઓ તથા કરોડો વર્ષે પણ જોઇ શકાય નહીં, એવું સ્થાવર જંગમ જગત મારા શરીરનાં એકજ ભાગમાં એક અવ્યવ રૂપે રહેલું હમણાં જો તથા આ યુદ્ધનો જય પરાજય વગેરે જે તારે જોવાનું હોય તે જો. પરંતુ તું તારી આ ચર્મચક્ષુવડે મુને જોઇ શકીસ નહીં માટે હું તુંને અલૌકીક એવી જ્ઞાન ચક્ષુ આપું છું તેનાંથી તું મારાં અસાધારણ એવા અઘટીટ ઘટનાં સામર્થ્યને પણ જો.

સંજય ધૃતરાષ્ટને કહે છે—હે રાજા, આપ્રમાણે કહ્યા પછી મહા યોગેશ્વર હરીએ, પોતાનું ઉત્તમોત્તમ ઐશ્વર્ય સ્વરૂપ અર્જુનને દેખાડયું. વીશ્વરૂપનું સંજય વર્ણન કરે છે,

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન તું સાવધ થઇને જો. જે રૂપ અનેક મુખ તથા અનેક નેત્રવાળું અને અનેક અદભુત કારક વસ્તુઓને દર્શાવનારૂં અનેક દીવ્ય આભરણોવાળુ તથા અનેક દીવ્ય આયુધો જેમાં ઉગામેલાં છે, એવું હતું

જે રૂપ દીવ્ય માળાને ધરનારૂં દીવ્ય વસ્ત્રોને ધરનારૂં દીવ્ય ચંદનના લેપવાળું, અનેક આશ્ચર્યવાળું, પ્રકાશમાન છેડાવીનાનું અને ચારે તરફ મુખવાળું હતું. આ આખું જગત પરમાત્માનાં તે શરીરમાં એક અવયવ રૂપે એકત્રજ રહેલું જોયું. આવું અદભુત રૂપ જોઇ અર્જુન હજારો હજાર વખત નમસ્કાર કરી નીચે મુજબ બોલવા લાગ્યો હે પ્રભુ, હે દેવ તમારી નાભી

કમળમાંથી પ્રગટ થયેલા એવા બ્રહ્માને તથા મેરૂ પર્વત ઉપર રહેલા વશીષ્ટાદી દિવ્ય ઋષીઓને અને તક્ષકાદીક સર્વે સર્પોને હું દેખું છું. હે ઈશ્વર અનેક હાથ, પેટ, મુખ તથા નેત્રવાળા, મુકટધારી, ગદાધારી, ચક્રધારી, તેજનાં સમુહ ચારે તરફ પ્રકાશમાન, વીશ્વરૂપ ધારી તમને ચારે તરફ દેખું છું, પરંતુ હું તમારા આદી, મધ્ય, અને અંતને દેખતો નથી.

હે મહાત્મા મુમુક્ષુ પુરૂષોએ જાણવા યોગ્ય એવા પરબ્રહ્મ તમેજ છો. હે પરમાત્મા આકાશ, પૃથ્વીનો મધ્યભાગ અને સર્વ દીશાઓ એક તમારાવડેજ વ્યાપ્ત છે. અને જેનાં મુખમાં અગ્ની છે, એવા તમને હું પોતાના તેજવડે આ જગતને તપાવતા હો તેમ જોઉં છું, અને આવું આપનું ભયંકર રૂપ જોઇને ત્રણે લોક અત્યંત ભયભીત થયાં હોય તેમ હું જોઉં છું આ દેવતાઓનાં ટોળે ટોળાં ભયભીત થઇને તમારે શરણે આવેલછે. તે દુર ઉભા રહી હાથ જોડી જય થાઓ, જય થાઓ રક્ષા કરો, રક્ષા કરો, આમ પ્રાર્થના કરે છે. અને મોટા મોટ રૂષીઓ તથા સીધ્ધ પુરૂષો કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ તેમ પુષ્કળ સ્તુતી કરે છે. રૂદ્રો, આદીત્યો, વસુઓ, સાધ્ય દેવતાઓ, અશ્વનીકુમારો, વાયુઓ, પિતૃઓ, ગંધર્વો, યક્ષો, વીરોચન વગેરે દૈત્યો, તથા સીધ્ધ પુરૂષો, એ સર્વે વીસ્મય પામીને તમને જુવે છે. વળી હે નાથ, અનાથનાં નાથ, આ દુર્યોધન આદી

કૌરવો, તથા જયદ્રથ આદિ રાજમંડળો સાથે અમારા પણ મુખ્ય મુખ્ય યોદ્ધાઓ, તથા ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે અસંખ્યાત યોધ્ધાઓ તમારા તરફ દોડીને તમારી દાઢોવડે ભયંકર દેખાતાં ઉગ્ર મુખોમાંપ્રવેશ કરે છે. જેમ નદીઓનો પ્રવાહ સમુદ્રમાં જાય છે તેમ આ સરવે તમારાજ મુખોમાં પ્રવેશ કરેછે. તેમાં કેટલાંકએક છુંદાઇ ગયેલા માથાંવાળા કેટલાંએક વીંધાયેલા, કેટલા એક હાથ પગ વગરનાં દીઠામાં આવે છે. વેગમાં આવેલા પતંગીઆઓ જેમ બુધ્ધી પુર્વક દીવાની જોતમાં પડી પોતાનો નાશ કરે છે તેમ આ સર્વે વીર પુરૂષો પોતાનાં નાશમાટે તમારા મુખોમાં બુદ્ધીપુર્વક પ્રવેશ કરે છે, અને તમો તે સમગ્ર લોકોને બળતાં મુખોવડે ગળતા થકા ચારે તરફથી ભક્ષણ કરો છો. હે વિષ્ણો, હે દેવતાઓમાં ઉત્તમ હે કૃષ્ણ આવું આ અદ્દભુત અનેક રંગવાળું, ફાડેલા મુખવાળું, વીશાળ નેત્રવાળું રૂપ જોઈ સર્વે લોકો બહુ ભયભીત થયા છે, તેમ હું પણ ભયભીત થયો છું. હે નાથ મુને ધીરજ તથા શાંતી રહેતી નથી. હે ભગવાન તમે આવા ઉગ્રરૂપ ધારી કોણ છો, તે મુને કહો. તમને નમસ્કાર હો. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. તમે આ જગતમાં આપ્રમાણે પ્રવૃત્તી શા માટે કરો છો. તે હુ જાણતો નથી. માટે આપ આદી પુરૂષને વીશેષ જાણવા ઈચ્છું છું.

શ્રી ભગવાન કહે છે—હું સર્વ લોકનો સંહાર કરનારો આ

ઉગ્ર કાળ છું. માટે આખા સૈન્યમાં તથા ભીષ્મ, દ્રોણ આદી જે યોધ્ધાઓ ઉભા છે, તે સર્વે યોદ્ધાઓ તારા માર્યાવીના પણ મરણ પામશેજ. કારણ કે મેં કાળરૂપે તેઓને ગળ્યા છેજ માટે મરશેજ. માટે તું યુદ્ધ કરવા ઉભો થા, અને દેવોથી પણ જીતાય નહીં, તેવા સુરવીર યોધ્ધાઓ, ભીષ્મ, દ્રોણ, આદિ શત્રુઓને અર્જુને હરાવ્યા, આવો યશ મેળવી સમૃદ્ધીવાળું રાજ્ય ભોગવ. આ તારા શત્રુઓને, તારા યુધ્ધની અગાઉજ મેં કાળમુર્તીએ મારેલાજ છે. તો તે અવધીએ મરશેજ તથાપી તું તેઓને મારવામાં નીમીત્ત માત્ર થા. અને તું આ ખોટો મોહ છોડી દઈ યુધ્ધ કરવા ઉભો થા. તું શત્રુઓને જીતીશ.

સંજય કહે છે—હે રાજા ધૃતરાષ્ટ્ર આવા કેશવનાં વચન સાંભળીને અર્જુને બે હાથ જોડી કંપતાં કંપતાં શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા. અને બીકણ કરતાં પણ બીકણ બની ફરીથી પ્રણામ કરી ગળા ગળા કંઠે બોલ્યો, હે હૃષીકેશ તમો અદભુત પરાક્રમ વારા અને ભકતવત્સલ છો, માટે તમારા મહાત્મ્યનું યશોગાનથી, કેવળ હુંજ પ્રસન્ન થાઉં છું. એટલુંજ નહી પણ આખું જગત પ્રસન્ન થાય છે, વળી આખું જગત તમારા ઉપર અનુરકત રહે છે ., ભયભીત થયેલા રાક્ષસો નાશે છે હે મહાત્મા, હે અનંત, હે દેવેશ, હે જગન્નિવાશ. સૌ કોઈ

તમને શા માટે નમસ્કાર કરે નહીં, કારણ કે તમો આદી, વ્યક્ત અને અવ્યકતથી પણ પર અવીનાશી તથા પરબ્રહ્મ તમેજ છો. તમને હજારો હજાર વાર નમસ્કાર હો. હે સર્વાત્મા તમને આગળ નમસ્કાર હો, પાછળ નમસ્કાર હો, અને ચારે દીશામાં નમસ્કાર હો હે અનંત પરાક્રમવારા જેમ સુવર્ણ, કડાં અને કુંડળ વગેરે વસ્તુમાં બહારથી અને અંદર વ્યાપત રહે છે; તેમજ તમે સર્વે જગતમાં અંદર અને બહારથી વ્યાપીને રહેલા છો. માટે તમે સર્વ સ્વરૂપ છો, હે અચ્યુત તમારો મહીમા હું જાણુતો નહોતો, જેથી મેં પ્રમાદથી અથવા સ્નેહથી અથવા મીત્ર જાણી, હે કૃષ્ણ, હે યાદવ, હે સખા, એ રીતે હઠપુર્વક કહેલ હોય તે, તથા રમત ગમતમાં ભોજન વેળાએ અથવા કોઇપણ વખતે આપનો તીરસ્કાર કરેલ હોય તે સરવે અપરાધો માટે હું ક્ષમા માગુંછું. માટે પૃથ્વીઉપર દંડવત્ કાયા નમાવીને જગતનાં સ્વામી આપને પ્રણામ કરીને પ્રસન્ન કરૂં છું. પીતા જેમ પુત્રનાં અપરાધને અને પતિ જેમ પ્રીયાનાં અપરાધને સહન કરે છે, તેમ તમે મારા અપરાધો ક્ષમા કરવા યોગ્ય છો. હે પ્રભુ હું તમને મુકટ ધારી, ગદાધારી, હાથમાં ચક્રધારી, એવા [illegible] પ્રથમનાં આકારમાં જોવાની ઇચ્છા કરૂં છું. માટે હે વીશ્વરૂપધારી આ રૂપ સંકેલી ચતુર્ભુજ ધારી રૂપમાં પ્રગટ થાઓ.

શ્રી ભગવાન કહે છે–હે અર્જુન, તું શામાટે ડરે છે. મેં તારાઉપર પ્રસન્ન થઈ મારી યોગમાયાના બળથી મારૂ તેજોમય વીશ્વરૂપ કે જે અનંત તથા આદ્ય છે. એ તારા જેવા ભકતવીના બીજાઓએ પુર્વે નહીં જોયેલું, એવું આ ઉત્તમ સ્વરૂપ દેખાડેલ છે. તે રૂપ વેદ તથા કલ્પસુત્ર વગેરે યજ્ઞવિધાનાં અભ્યાસથી, દાનોથી, અગ્નિહોત્રાદી યજ્ઞો કરવાથી ચાંદ્રાયણ આદી ઉગ્ર તપશ્ચર્યાંથી મારા આવા રૂપને તારાવીના બીજો કોઈ મનુષ્યલોકમાં જોઈ શકતો નથી. મારૂં આવું ભયંકર રૂપ જોઈ તને વ્યથામા થાઓને તું નીર્ભય થઈ મારૂં પ્રથમનું રૂપ જો. હે પાંડુના પુત્ર જે મારે માટે નીર્નીમીત કર્મ કરે છે. અને, મુનેજ પરમપુરૂષાર્થ માને છે, મારોજ આશ્રય કરે છે, પુત્ર, સ્ત્રી આદીનો સંગ ત્યાગ કરે છે, સર્વ પ્રાણીઓ સાથે મીત્રભાવ રાખે છે, તે પુરૂષ મુનેજ પામે છે. ઇતી શ્રીમદ ભગવત ગીતાવીશે વીશ્વરૂપ નામનાં અગીયારમાં અધ્યાયનો સાર સંક્ષેપ્તમાં સંપુર્ણ.

અધ્યાય ૧૨ મો.

અર્જુન પુછે છે—હે કૃષ્ણ. સર્વે કર્મો તમને અર્પણ કરવાથી નીરંતર તમારે વીષેજ એક નીષ્ટાવારા જે ભકતો. તમને ઉપાસે છે. અને જેઓ. અવીનાસી તથા અવ્યકત એવા શ્રેષ્ટ પરબ્રહ્મનું ધ્યાન કરે છે. તે બન્નેમાં ઉત્તમ યોગી કોણ.

તે કૃપા કરી કહો. શ્રી ભગવાન કહે છે—હું કે જે સર્વજ્ઞત્વ આદીગુણવાળો છું. તેને વિષે મનને એકાગ્રકરી શ્રધ્ધા એ કરી કર્મો અર્પણ કરનારને હું ઉત્તમ યોગી માનું છું. તથાપી સબ્દાદિથી જેનું નામ ઉચ્ચારી સકાય નહીં. એવા રૂપાદીથી રહીત. સર્વત્ર વ્યાપક—અચળ—તથા નીત્ય એવા અવીનાસી પર બ્રહ્મને જેઓ જીતેદ્રિય થઇ સર્વત્ર સમદષ્ટી કરી ભજે છે. તેઓ પણ મનેજ પામે છે. અર્જુન કહે છે—જ્યારે તેઓ પણ તમને પામે છે. ત્યારે તમે બીજાઓને ઉત્તમ યોગી કેમ માનો છો. તેનાં ઉત્તરમાં ભગવાન કહે છે. તેઓ મુને પામે છે. તે વાત ખરી છે. પરંતુ અવ્યક્ત કહેતાં નીર્વીસેષ એવા પરબ્રહ્મ ઉપર જેનું મન આસકત થયુંછે. એવાતે યોગીઓને અધીક કલેસ થાય છે. કારણ કે દેહાભીમાનીઓ ઘણાં કષ્ટથી અવ્યકત એવા પરબ્રહ્મ વીષે. નીત્ય સ્થીતી મેળવી સકે છે. તાત્પર્ય કે દેહા ભીમાનીઓનું આત્મસ્વરૂપ રહેવું. એ કઠીણ છે. પરતું જેઓ પરમેશ્વર એવો જે હું તેને વીષે સર્વે કર્મો અર્પણ કરીને. અને મારા પરાયણ થઈને. મારૂં ધ્યાનધરે છે. તથા અનન્ય એવા ભકિત યોગવડે મારી ઉપાસના કરે છે. તે મારે વીષે મનને જોડનારા ભકતોનો. હે પૃથાના પુત્ર આ સંસારમાંથી થોડા સમયમાંજ ઉદ્ધાર કરૂં છું. માટે તું સંકલ્પ વિકલ્પાત્મક મનને મારે વીસેજ સ્થીરકર. તથા નીશ્ચયાત્મક એવી બુધ્ધીને

પણ મારે વીષે પરોવ. આમ કરવાથી મારી કૃપાથી તું જ્ઞાન સંપાદન કરીને દેહ પડયા પછી મારે વીસેજ તું નીવાસ કરીસ. હે અર્જુન તારે મારે વીષે જો મનને સ્થીર રાખવું હોય તો, વીષયાદિથી ચંચળ એવા મનને વીષય તરફ જવા નહીં દેતાં, મારા સ્મરણરૂપી યોગાભ્યાસ વડે મુનેજ પ્રાપ્ત થવા માટે પ્રયત્ન કર તું જો યોગાભ્યાસ કરવામાં અશક્ત હો તો. મને પ્રસન્ન કરનારાં એકાદસીનાં ઉપવાસ.આદી વૃતો ત્થા મારા નામનું કીર્તન—હરી કીર્તન આદી કર્મો કરવામાં તત્પર રહે. આ પ્રમાણે પણ કર્મો કરવાને તું અસ્કતહો. તો એક મારૂંજ સ્મરણ અંગીકાર કરીને મનને નીયમમાં રાખ, અને પછી દૃષ્ટ ફળવાળાં આવસ્યક કર્મોનાં. ત્થા અદૃષ્ટ પૂળવાળાં અગ્નિ હોત્રાદી કર્મોનાં ફળોનો ત્યાગકર. તાત્પર્ય કે મારે તો ઇશ્વરની આજ્ઞા પ્રમાણે યથા શકિત કર્મો કરવાંજોયે. પછી તેનું દૃષ્ટ કે અદૃષ્ટ ફળ થવું એ ઇશ્વરાધીન છે. આમ મારા ઉપર ભાર મુકીને ફળની ઈચ્છા દુર કરીસ. તો કૃતાર્થ થઈસ. શ્રી ભગવાન કહેછે. હે અર્જુન સુષ્ક અભ્યાસ કરતાં. યુકિત વાળા ઉપદેસથી મળેલું જ્ઞાન શ્રેષ્ટ છે.અને ઉપર ચોટીયાં જ્ઞાન કરતાં તત્વજ્ઞાન ઉત્તમ છે. અને જ્ઞાન કરતાં ધ્યાન ઉત્તમ છે. ધ્યાન કરનારો મનુષ્ય નીરાકાર પર બ્રહ્મને જુવે છે. અને ધ્યાન કરતાં પણ કર્મનાં ફળનો ત્યાગ શ્રેષ્ટ છે. નીષ્કામ કર્મથી સંસારની નીવૃતી થાય છે. અર્જુન કહે છે. હે પ્રભુ ભગવદ ભકતનાં

લક્ષણ કેવા હોય છે. તે કૃપા કરી કહો. શ્રી ભગવાન કહે છે. સર્વ પ્રાણીઓ સાથે દ્વેષ નહીં કરનાર. એટલે સમાન રીતે વરતનાર અહંતા મમતા રહીત. અહંકાર વીનાનો. પારકે દુઃખે દુઃખી અને પારકે સુખે સુખી ક્ષમાવંત નીરંતર લાભકે હાની થતાં સંતોષ માનનાર. સાવધ મનને નીયમમાં રાખનાર દ્રઢ નીશ્ચયવાળો. મારે વીષે મન તથા બુદ્ધી અર્પણ કરનાર. લોકો જેનાથી ભયની સંકા તથા ખેદ પામતાં નથી વળીજે. હર્ષ ઈર્ષ્યા ભય અને ઉદ્વેગ આદીથી મુકત છે. તેવો મારો ભકત મુને બહુજ પ્રીય છે. જે દૈવેચ્છાથી મળેલ વસ્તુ ઉપર પણ ઈચ્છારહીત છે. જે બાહ્ય તથા અંતર સૌચથી પવિત્ર છે. આળસરહીત છે પક્ષપાતરહીત છે. વ્યથારહીત છે. દૃષ્ટ અને અદૃષ્ટ ફળવાળાં સર્વે કર્મોનો ત્યાગ કરનાર છે. તે મારો ભકત મુને પ્રીય છે. જે પ્રીય વસ્તુનાં લાભથી હર્ષ પામતો નથી અને પ્રિય વસ્તુનો નાસ થતાં ખેદ કરતો નથી અને પુણ્ય તથા પાપનો ત્યાગ કરે છે. સત્રુ તથા મીત્ર સાથે સમાન રીતે વરતનાર સીત–ઉષ્ણ–અને સુખ દુઃખમાં પણ સમાન રીતે વર્તનાર હરકોઇ ઠેકાણે પડી રહેનાર દ્રઢ બુદ્ધીવાળો તથા મારા ઉપર પરમ ભકિત રાખનારો જે પુરૂષ છે. તે મુને બહુજ પ્રિય છે માટે હે અર્જુન તું શ્રધ્ધા વાળો ભકત થા

ઈતી શ્રી મદ ભગવદગીતા વીસે ભકિત યોગ નામનો અધ્યાય બારમાનો સાર સંક્ષેસમાં સંપુર્ણ.

અધ્યાય ૧૩ મો.

બારમા અધ્યાયમાં ભગવાને કહેલજે મારા ભકતોનો આ મૃત્યુવાળા સંસારમાંથી ઉદ્ધાર કરૂં છું. પરતું આત્મજ્ઞાન વીના સંસારમાંથી ઉદ્ધાર થઈ સકતો નથી માટે તત્વ જ્ઞાનનાં ઉપદેસ અર્થે પ્રકૃતિ પુરૂષનાં વીવેકવાળો આ અધ્યાય કહે છે.

શ્રી ભગવાન કહે છે—હે કુંતાના પુત્ર ભોગ ભોગવવાનાં સ્થાન રૂપ આ સરીર સંસાર ઉત્પન્ન કરનારી એક ભુમી છે. તેથી તે ક્ષેત્ર કહેવાય છે. અને જે ક્ષેત્રને જાણે છે. એટલે ખેડુતની પેઠે જમીન ખેડીને તેનાં ફળનો ભોકતા હોવાથી મારૂં ક્ષેત્ર છે. આમ જાણે છે. તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. હે ભરતવંસી રાજા તે ક્ષેત્રનો અભીમાની સંસારી જીવ વસ્તુતાએ સર્વે ક્ષેત્રમાં વ્યાપ્ત એવો હું છું. એમ જાણ. ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ ભીન્ન ભીન્ન છે. આવું જે જ્ઞાન તેજ જ્ઞાન મોક્ષનું સાધન છે. તે ક્ષેત્ર સ્વરૂપે જડ તથા દસ્ય આદી સ્વભાવવાળું છે ઈચ્છાદિ ધર્મવાળું છે. ઈન્દ્રિયાદીનાં વીકારવાલું છે. પ્રકૃતી તથા પુરૂષનાં સમાગમથી જન્મે છે. તથા સ્થાવર. જંગમ આદિ ભાગમાં વહેંચાયલુ છે પૃથ્વી આદિ પાંચ મહાભુતો તેઓનું કારણ, અહંકાર. બુદ્ધી માયા પાંચ જ્ઞાન અને પાંચ કર્મ ઇંદ્રિયો. મન. સબ્દ, સ્પર્સ. રૂપ રસ અને ગંધ આ પ્રમાણે. ચોવીસ તત્વો તથા ઈચ્છા. દ્વેષ સુખ દુઃખ સરીર જ્ઞાનરૂપ

મનોવૃત્તિ અને ધૈર્ય આ રીતે ઈન્દ્રીયાદિનાં વીકારવાળું ક્ષેત્રમેં તાને ટુંકામાં કહ્યું. હવે ક્ષેત્રજ્ઞનું વીસ્તારથી વર્ણન કરતાં આત્મજ્ઞાનનાં સાધનો કહું છું. તે સાંભળ

પોતાના ગુણનાં વખાણ કરવાં નહીં દંભ રાખવો નહીં. બીજાને પીડા કરવી નહીં.—સહન સીલતા. સરલતા. સદગુરૂની સેવા. બાહ્ય અને અંદરની પવિત્રતા. સન્માર્ગમાં એક નિષ્ટા. સરીર સંયમ. ઈંદ્રીયાદી વીષયોમાં વૈરાગ્ય રાખવો. અહંકાર કરવો નહીં. જન્મ. મૃત્યુ. તથા વ્યાધી વીષે વારંવાર દુઃખ તથા દોષ જોયા કરવા. પુત્ર. સ્ત્રી. ઘરબાર આદિ ઉપર આસક્ત થવું નહીં. હરખ કે સોક કરવો નહીં હું પરમાત્મા ઉપરજ સર્વાંત્મ દષ્ટી કરી. એકાંત ભકિત કરવી મનને પ્રસન્ન. કરનારા એકાંત સ્થળમાં નીવાસ કરવો. અજ્ઞાની મંડળમાં પ્રેમ રાખવો નહીં. આત્મજ્ઞાન ઉપર નીત્ય નીષ્ટા રાખવી, તત્વ જ્ઞાનનાં ફળરૂપ મોક્ષ સર્વ કરતાં શ્રેષ્ટ છે, આમ વીચાર કરવો આ ચોવીસ પ્રકારનું જ્ઞાન કહેવાય છે. આથી ઉલટું હોય તે અજ્ઞાન કહેવાય છે, આમ વસીષ્ટાદિ કહેછે. ઉપર કહેલા ચોવીસ સાધનો જાણવાથી જ્ઞાન થાયછે. અને જ્ઞાનથી મનુષ્ય મોક્ષને પામે છે. હું વ્યાપક પરબ્રહ્મ, સર્વ પ્રાણીઓની વૃત્તિવડે તથા હાથ, પગ, આદી ઉપાધીવડે વ્યવહાર કરૂછું. તે ચક્ષુરાદી સર્વે ઇંદ્રીયોની રૂપાંદી વૃતીઓમાં તેતે રૂપે પ્રકાસુંછું, અથવા

તો તે સર્વે ઇંદ્રીઓનો તથા તેમનાં વીષયોનો પ્રકાસ કરૂંછું, તે છતાં હું સર્વે ઇંદ્રીય રહીતછું. શ્રુતી પણ કહેછે જે પરમાત્મા હાથ, પગવીનાના છે. છતાં વેગવાળા છે. અને વસ્તુ ગ્રહણ કરેછે, નેત્ર રહીત છે. છતાં જુવેછે, અને કાનવીનાના છે છતાં સાંભળેછે. વળી સર્વ સંગ રહીત છે, છતાં સર્વ લોકને ધારણ કરેછે, મુદે પરબ્રહ્મ સર્વ પ્રાણીઓ તથા આખા જગતમાં વ્યાપી રહેલ છે. છતાં પણ અરૂપ હોવાથી સ્પષ્ટ રીતે જાણી સકાય નહીં, તેવા છે. તેથીજ અજ્ઞાનીઓથી એક લક્ષ યોજન દુર છે. અને જ્ઞાનીઓનો તે પોતાનો આત્મા હોવાથી નીત્ય પાસેછે. વળી તે સર્વ જગતની અંદર તથા સર્વ જગતની બહાર પણ છે. એટલે જગતની સ્થીતી વેળાએ પ્રાણીઓનું પોષણ કરેછે. પ્રલય વેળાએ સર્વેને ગળી જાયછે. ઉત્પત્તિ વેળાએ નાના પ્રકારનાં કાર્યરૂપે ઊતપન્ન કરેછે. પ્રકૃતી પરમેશ્વરની સકતી છે. અને પુરૂષ પણ પરમાત્માનો અંસ છે. માટે પ્રકૃતી તથા પુરૂષને અનાદી જાણવાં. તથા દેહ તથા ઇંદ્રીયોના વીકારો તે તથા ગુણોના પરીણામ રૂપ સુખ દુઃખ મોહ વગેરેને પ્રકૃતિથી ઉતપન્ન થયેલાં જાણવાં. મુદે (સારાંસ) જે ક્ષેત્રની જેવી પ્રકૃતી તે પ્રકૃતીનાં સંજોગે તેવાં કર્મ કરેછે. જેમ સ્ફટીક મણીથી જે જેવું હોય તેવું સાફ દેખાય છે. તેમજ મારા અંસ રૂપી જે ક્ષેત્રજ્ઞ તે પ્રકૃતીનાં સંજોગે વર્તેછે. હે અર્જુન સરવે

પ્રાણીઓ વીષે હું જે પરબ્રહ્મ તે જીવરૂપે અભેદ અને અચ્છેદ રહેલ છું તેમ સર્વ સ્થાવર જંગમમાં મારો વાસછે. પણ મનુષ્ય જે સુભ અસુભ કર્મ કરેછે તે ફકત સંગ તથા પ્રકૃતીને લીધેજ અને તેથીજ જીવને કર્મનાં સંસ્કાર પ્રમાણે ભોગવવું પડેછે. પણ હું જે પરમાત્મા આખા બ્રહ્માંડમાં વ્યાપી રહેલછું. તેને કાંઈ બંધન નથી. જેમ આકાશમાં રહી સુર્ય આખા જગતને પ્રકાસીત કરી દીવસ અને રાત કરેછે. છતાં પોતે અલગ છે. તેમજ હું વ્યાપીક છતાં અલગ છું. અને મુને જન્મ મરણ નથી. તેમ લાભ કે હાની નથી. અને વીકાર રહીત છું. આવી રીતે જે પુરૂષ મારા તત્વને જાણી સાવધપણે આ માયામાં મોહ નહીં પામતાં અખંડ સચીદાનંદ પરબ્રહ્મ એવો જે હું તેનેજ પરાયણ થઇ શ્રદ્ધાએ કરી મારૂંજ સેવન કરેછે. તેજ ખરો જ્ઞાનીછે, એમ તારે જાણવું ઇતીશ્રીમદ ભગવતગાતા વીષે ક્ષેત્રક્ષેત્રજ્ઞ વીભાગ યોગ નામનાં તેરમા અધ્યાયનો સાર સંક્ષેસમાં સંપુર્ણ.

અધ્યાય ૧૪ મો.

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન, ગયા અધ્યાયમાં કહેલ જે જીવ પ્રકૃતીનાં સંજોગે કર્મ કરે છે, અને તેથી આ દેહ બંધાય છે, તે પ્રકૃતી ત્રણ ગુણવાળી હોય છે. તે સાંભળ જે શુદ્ધ અંતકરણે સાંભળવાથી તુંને અપરોક્ષ જ્ઞાન થાશે.

હે મોટા હાથવાળા અર્જુન-સત્વ, રજ, અને તમ આ ત્રણે ગુણો પ્રકૃતીથી ઉત્પન્ન થયેલ છે. અને તેઓ પ્રકૃતીથી ઉત્પન્ન થયેલ ગુણ, દેહમાં દેહરૂપે રહેલા જીવને પોતાનાં સુખ દુઃખ મોહ આદી કાર્યો સાથે જોડે છે. હે પાપરહીત અર્જુન. એ ત્રણે ગુણોમાં સત્વગુણ સ્ફાટીક મણીના જેવો નીર્મળ છે, અને તેથી સુખ સંતોષ અને જ્ઞાનની સાથે આ ક્ષેત્રજ્ઞને જોડે છે, સત્વ-ગુણથી જે દેહ બંધાયલો હોય, તેને કાળ કેતાં મૃત્યુનો પણ ભય નથી, અને સત્વગુણથી જ્ઞાનને પામી મુનેજ ભજે છે, અને અંતે મોક્ષપદને પામે છે.

હે કુંતાપુત્ર અર્જુન-રજોગુણને પ્રેમ ઉત્પન્ન કરનારો જાણવો, અને તેથી તૃષ્ણા તથા સોક વધેછે. જેને રજોગુણ પ્રાપ્ત થયો હોય, તેને ન મળેલી વસ્તુની ઈચ્છા તથા પ્રાપ્ત થયેલી વસ્તુ ઉપર આશક્તિ કરાવે છે, અને તેથી લોભ ઉત્પન્ન થાય છે. અને લોભથી હરીસેવા થતી નથી. તમોગુણથી પ્રમાદ, ક્રોધ, આળસ તથા નિદ્રાથી દેહનાં અભીમાની જીવને બંધન કરે છે. અને તમોગુણથી અજ્ઞાન ઉપજે છે, અજ્ઞાનતાથી નરક મલે છે. દુઃખ શોક વગેરેનાં બીજા ઘણાં કારણો હોવા છતાં, પણ સત્વગુણ મનુષ્યને સુખની સાથેજ જોડે છે. સુખ આદિનાં બીજાં ઘણાં કારણો હોવા છતાં, પણ રજોગુણ મનુષ્યને કર્મ સાથે જોડે છે. અને તમોગુણ તો મહા પુરૂષના સમાગમથી

જ્ઞાન થતું હોય, તોપણ તે ઢાંકી દઈ મનુષ્યને પ્રમાદની સાથે જોડે છે. અને ઉલટું આળસ આદીમાં લગાડે છે. હે ભરત-વંસી રાજા કોઇ વેળા અદ્દષ્ટને લીધે, સત્વગુણ, રજોગુણ, તથા તમોગુણનો પરાભવ કરીને પ્રગટ થાય છે, અને પછી જીવને પોતાનાં તૃષ્ણા આદી કાર્યની સાથે જોડે છે, તેમજ રજોગુણ, તમોગુણ તથા સત્વગુણનો પરાભવ કરીને, અને તમોગુણ, સત્વગુણ તથા રજોગુણનો પરાભવ કરીને પ્રગટ થાય છે, અને પછી પ્રમાદ, આળસ વગેરે કાર્યની સાથે જોડે છે. સત્વગુણ વૃધ્ધી પામ્યો હોય, ત્યારે જે જીવ મરણ પામે તો તે હીરણ્યગર્ભ આદીની ઉપાસના કરનારનાં સુખાદી વૈભવ ભોગવવાનાં સ્થાન-રૂપ ઉજવલ લોકોમાં જાય છે. રજોગુણ વૃધ્ધી પામ્યો હોય, ત્યારે જે જીવ મૃત્યુ પામે છે, તે કર્મની આશકિતવાળા જીવોની યોનીમાં અવતરે છે. અને તમોગુણ વૃધ્ધી પામ્યો હોય, ત્યારે જે જીવ મરણ પામે છે, તે પશુ આદી મુઢ યોનીમાં અવતરે છે. જેઓ મુખ્ય કરીને સત્વગુણ વૃત્તીવાળા હોય છે, તેઓ ઉપરના લોકમાં જાય છે. સત્વગુણની ઓછી વધતી વૃધ્ધીનાં પ્રમાણમાં ઉત્તરોત્તર આનંદથી ભરપુર એવા મનુષ્યલોક, ગંધર્વલોક, પિતૃલોક, દેવલોક અને સત્યલોક સુધીનાં લોકમાં જાય છે. જ્યારે જીવ ગુણાતીત થાય છે, ત્યારે તે બ્રહ્માનંદને પામે છે. તે ગુણાતીતના લક્ષણ કહું છું

તે સાંભળ. હે અર્જુન, જે સ્વસ્વરૂપમાં રહેવાથી સુખ દુઃખને સમાન ગણે છે. ઢેપું તથા પથર અને સુવર્ણને સમાન માને છે. મીત્ર તથા શત્રુને સમાન ગણે છે. ધીરજ રાખે છે. હરખ, શોક કરતો નથી. વીકારવીનાનો છે. અપરોક્ષ તથા પરોક્ષ ફળવાળા ઉદ્યમોનો ત્યાગ કરવો આવો જેનો સ્વભાવ છે. અને અહોનીસ મારોજ દાસ થઈ, શ્રધ્ધાએ કરી, મુનેજ ભજે છે, તે ગુણાતીત કહેવાય છે. માટે હે અર્જુન તું ગુણાતીત થા. પ્રથમ તું સત્વગુણી થા અને સત્વગુણને લીધે ક્રમે કરી ગુણાતીત થઈશ. ઈતી શ્રીમદ ભગવદગીતા વીષે ગુણત્રય વીભાગયોગ નામનાં ચૌદમાં અધ્યાયનો સાર સંક્ષેસમાં સંપૂર્ણ.

અધ્યાય ૧૫ મો.

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન તું મારો પરમ ભકત છે, તેથી જે સાંભળવાથી તુંને તત્વજ્ઞાન થસે એવું પરમ કલ્યાણ કારી આત્મજ્ઞાન કહીસ, હે અર્જુન આ સંસાર રૂપી બગીચામાં આ દેહને અશ્વત્થનામનું વૃક્ષજાણ. જે વૃક્ષનાં મુળ ઉંચા છે. અને જેની ડાળ એટલે સાખા નીચે છે. સાખા એટલે પુરૂષોત્તમ પછીનાં કાર્યોપાધીવાળાં હીરણ્યગર્ભ વગેરે જીવો છે. વેદો જેનાં પાંદડાં છે, એટલે કે ધર્મ અધર્મ પ્રતીપાદન દ્વારા છાયા તરીકે ગણાતાં કર્મનાં ફળોને માટે સર્વ જીવો સંસાર વૃક્ષનો આશ્રય કરેછે, માટે વેદોને પાંદડાં કહેલછે. જેમ મુળમાં પાણી

રેડવાથી સાખા પુષ્ટ થાયછે, તેમ મુખથી આ ઇંદ્રીઓ સંતો-ખાય છે. વળી આ વૃક્ષને અશ્વત્થ કહેવાનું કારણજે, કાલ સવાર સુધી રહેસે કે નહી તેનો ભરોસો નહીં હોવાથી અશ્વત્થ કહેલ છે.

સત્વગુણી, રજોગુણી, ને તમોગુણી, વૃત્તીરૂપી પાણીનાં સીંચનથી કાર્યોપાધીવાળા હીરણ્યગર્ભ આદી જીવો નીચે તથા ઉપર એટલે પસુઆદીની નીચયોનીમાં તથા દેવતા આદિની ઉંચ યોનીમાં ફેલાયલા છે. અને આ મનુષ્ય લોકમાં તે સંસાર વૃક્ષનાં કર્મો વડે બંધાયલા ઉંચ નીચ યોનીમાં વીસ્તાર પામેલા છે. આ સંસારનાં પ્રાણીઓ, આ સંસાર વૃક્ષનાં સ્વરૂપને જાણી સકતાં નથી. તેમ તે અનાદી હોવાથી તેનાં આરંભને તથા છેડા વગરનું હોવાથી તેનાં પારને તથા તે કેવી રીતે ઉભું છે. તેની સ્થીતીને જાણી સકતાં નથી તેમજ તે અનર્થ કરનારૂં પણ છે. માટે દઢ એવા વૈરાગ્ય સસ્ત્રો વડે આ સંસાર વૃક્ષને કાપી નાંખવું જોયે, અને ત્યાર પછી સંસાર વૃક્ષનાં મુળ ભુત વિષ્ણુંપદને સોધવું. કે જ્યાં આગળ ગયેલા ફરીને આ સંસારમાં આવતા નથી. માટે એકાંત ભકિતથી પરમપદને સોધવું, સર્વે જીવ મારા અંસ છે. માટે સુષુપ્તિ તથા પ્રલય વેળાએ તે જીવ મારેવીષે લય થવાથી તેઓને મારી પ્રાપ્તિ થાયછે. એવાત ખરી છે. પણ અવિદ્યામાં વીંટાયલો અને

વાસનાવાળો જીવ મારા પ્રકૃતિવાળાં સ્વરૂપમાં લય પામેછે. પરંતુ શુધ્ધ સ્વરૂપમાં લય પામતો નથી, માટે સંસારના ભોગ ભોગવવા સારૂ પ્રકૃતીને અનુસરી ફરી અવતાર લીએછે. અને પુર્વના સંસ્કાર પ્રમાણે ભોગ ભોગવે છે. પરંતુ જ્ઞાની તો મારા શુધ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયા પછી ફરીને સંસારમાં જન્મતોજ નથી. એટલે તેને ફરી જન્મ મરણ નથી.

ધ્યાનાદીથી આત્માને જાણવા માટે પ્રયત્ન કરનારા યોગીઓમાં કેટલાએક યોગીઓ, સરીરમાં રહેલા આત્માને સરીરથી ભીન્ન જાણે છે. પણ સાસ્ત્ર અને અભ્યાસ આદીથી પ્રયત્ન કરતાં છતાં પણ મલીન મનવાળા તથા મંદ બુદ્ધીવાળા લોકો તો આત્માને દેખતાજ નથી. માટે હે અર્જુન તું પણ ધ્યાનાદી વગેરે સત્ કર્મો કર.

શ્રીભગવાન કહે છે–હે અર્જુન જે તેજ સુર્યમાં રહેલું છે, જે તેજ ચંદ્રમાં રહેલછે, જે તેજ અગ્નીમાં રહેલ છે, ને જે તેજ આખા જગતને પ્રકાશીત કરેછે, તે તેજ મારૂં છે. હુંજ બળ વડે પૃથ્વીમાં રહી સ્થાવરજંગમ ભુતોને ધારણ કરૂંછું. અને હુંજ વૈશ્વાનર નામને જઠરાગ્ની થઇને પ્રાણીઓના સરીરમાં રહુંછું. અને જઠરાગ્નીને ઉદ્દીપન કરનારા પ્રાણ તથા અપાનવાયુ સાથે રહીને પ્રાણીઓનાં ખોરાકને હું પચાવું છું. અને હું સર્વના હૃદયમાં અંતર્યામીરૂપે રહુંછું. હું નીત્ય મુકત હોવાથી

જડવર્ગને ઓળંગી ગયોછું. અને સર્વનો નીયંતા હોવાથી ચેતન (જીવ) વર્ગ કરતાં પણ હું ઉત્તમ છું. માટે હું લોકમાં તથા વેદમાં પુરૂષોત્તમનાં નામથી પ્રખ્યાત છું. માટે હે અર્જુન જેમ બને તેમ આ સંસાર વૃક્ષને છેદવાનો અને દુષ્ટ સંગનો ત્યાગ કરવા પ્રયત્ન કર. જેમ બને તેમ બ્રહ્મચર્યવૃત પાળ. અને આત્મ જ્ઞાનમેળવવા માટે સતસંગ અને ધ્યાનાદી કર્મો કર. અને વીવેકથી સુખ દુઃખને સમાન ગણી, એક મારેજ પરાયણ થઈ, આ સંસાર વૃક્ષનો સમુળગો નાશ કર. જેથી તું મારા પરમ પદને પામીશ. અને મારા પદને પામેલા ફરીને જન્મ મરણ પામતા નથી. હેઅર્જુન, બ્રહ્મલોક વગેરે બીજા સર્વને ફરી કર્મના સંજોગે જન્મ લેવો પડે છે. જ્યારે આ શરીરનો નાશ થાય છે, ત્યારે જીવ, મન તથા ઈંદ્રીયોથી કરેલાં કર્મો પ્રમાણે ભોગ ભોગવે છે. જેમ પુષ્પની વાસ પવન લઇ જઈ બીજાને વાસ આપે છે, તેમ જીવ, મન તથા ઈંદ્રીયોથી કરેલા કર્મો સાથે લઈ જાય છે.

અર્જુન કહે છે–હે મધુવંશોત્પન્ન શ્રીકૃષ્ણ, આત્મા દેહ તથા ઈંદ્રીયોથી અલગો છે, તો કેમ દેખાતો નથી, તે કૃપા કરી કહો.

શ્રીભગવાન કહે છે–હે અર્જુન, કપટ આચારવાળાં, દાંભીક દ્વેષી, અંતરમેલવાળા, મારી કૃપાવીના આત્માને દેખી શકતા નથી. પણ પુણ્યવાન, વીવેકી, સત્યસ્વરૂપ એવા જે જ્ઞાનીઓને

મારીજ કૃપાવડે આત્માનું દરશન કરાવુ છું. જોયે તો આખી પૃથ્વી પ્રકૃમણા કરે, જોયે તો ચોરાસી લક્ષ તીરથોમાં જાય, ને જોયે તો જોગી થઈ હીમાલય પર્વતમાં રહી આયુષ્ય કાઢે છતાં પણ મારી કૃપાવીના આત્માનું દરશન થતું નથી. પણ જેની સર્વે પ્રાણી ઉપર સમાન બુધ્ધી છે, જેને પથ્થર ત્થા સુવર્ણ ઉપર સરખો ભાવ છે, જે મમતારહીત છે, અને કેવળ મારેજ પરાયણ થઇ, સર્વ કર્મો મુનેજ અર્પણ કરી મારે વીષેજ દીવસ નીર્ગમન કરનાર, એવા મારા ભકત ઉપર હું બહુજ પ્રસન્ન છું. અને અંતે તેને મારૂં પરમ કલ્યાણકારી મોક્ષપદ આપું છું. માટે હે અર્જુન તું સદાય નીષ્કામ કર્મો કરી આ અશ્વત્થ વૃક્ષનો નાશ કર. ઈતી શ્રીમદ ભગવદગીતાવીષે પુરૂષોત્તમયોગ નામનાં પંદરમા અધ્યાયનો સાર સંક્ષેસમાં સંપુર્ણ.

અધ્યાય ૧૬ મો.

અર્જુન કહે છે–હે પ્રભુ તત્વજ્ઞાનને કેવી પ્રકૃતીવાળો જાણી શકે, અને કોણ ન જાણી શકે, તે કૃપા કરી કહો. શ્રીભગવાન કહે છે. હે અર્જુન પ્રકૃતી બે જાતની હોય છે. એક દૈવી ત્થા બીજી આશુરી એમ બે પ્રકારની છે. તેમાં દૈવી પ્રકૃતીથી જ્ઞાનનો અધીકારી થાય છે. તેવી દૈવી સંપત્તીનાં ગુણ તું સાંભળ. અભયપણું, દાન ઈશ્વર અર્થે બીજાને આપવામાં તત્પર, દમ, યજ્ઞ, બ્રહ્મયજ્ઞ, જપયજ્ઞ, તપયજ્ઞ, ચાંદ્રાયણા-

દ્દિક વ્રત વગેરે, અહીંસા કરવી નહીં. સત્ય બોલવું. ક્રોધરહીત એટલે કોઇ પ્રહાર કરે. તોપણ વીકાર લાવવો નહીં. ત્યાગ, ઉદ્દારતા, શાંતી, કોઇની પાછળ કોઇના અવગુણ ગાવાં નહીં. દીન પ્રાણીઓ ઉપર દયા કરવી, અલોભ, કોમળતા, અકાર્ય કરવામાં લોક લજ્જા, તેજ એટલે પ્રતાપ, ક્ષમા એટલે અપમાન થતાં પણ ક્રોધ કરવો નહીં. ધૈર્ય, શૌચ, અદ્રોહ, અભીમાન રહીત, ઉપર પ્રમાણે આ છવીસ લક્ષણો દેવોને યોગ્ય એવી દૈવી સંપત્તી ભોગવવા માટે જન્મેલા, અર્થાત ભવીષ્યમાં કલ્યાણ સુખ ભોગવનારા મનુષ્યોમાં હોય છે. અને દૈવી પ્રકૃતી મોક્ષ મેળવવાનું સાધન છે. હવે આશુરી સંપત્તી કહું છું, તે સાંભળ. હે અર્જુન, દંભ ધર્મનો ખોટો ડોળ, દર્પ એટલે ધન વીદ્યા આદ્દિને લીધે મનમાં થયેલો મદ, પોતાને વીષે પુજ્ય પણાનું અભીમાન, ક્રોધ, ક્રુરતા અને અજ્ઞાન આટલાં લક્ષણો, આશુરી સંપત્તી ભોગવનાર મનુષ્યોમાં હોય છે. અને અંતે તેથી નરકનો અધીકારી થાય છે. દૈવી સંપત્તીને મોક્ષકારક માની છે. અને આશુરી પ્રકૃતીને બંધન-કારક માની છે. એટલે આશુરી સંપત્તીવાળો સદાય સંસારી છે. હે પાંડુપુત્ર અર્જુન તું શોક કરમાં, કારણ કે તું દૈવી સંપતી ભોગવવા માટે જન્મ્યો છે. હે અર્જુન આ જગતમાં દૈવી ત્થા આશુરી એમ બે પ્રકારની સૃષ્ટી છે. તેમાં તુને દૈવી

સંપત્તી વીસ્તારથી કહી. હવે તું મારી પાસેથી આશુરી સૃષ્ટી સાંભળ. આશુરી સ્વભાવવાળા મનુષ્યો ધર્મમાં પ્રવૃત થવું, અને અધર્મમાંથી નીવૃત થવું આ વાત જાણુતાંજ નથી. માટે તેઓમાં પવિત્રતા સદાચાર ત્થા સત્ય હોતું નથી. આશુરી સંપત્તીવાળા પુરૂષો કહે છે, કે આ જગતમાં વેદ, પુરાણ આદી કોઇપણ શાસ્ત્ર સાચાં નથી, પરંતુ ખોટાં છે. અર્થાત શાસ્ત્રઉપર જેને બીલકુલ શ્રધ્ધા નથી. વળી કહે છે જે, જગતનાં કર્તા પરમેશ્વર નથી. પણ, સ્રીપુરૂષનાં સમાગમથીજ જગત ઉત્પન્ન થાય છે. આવી અલ્પબુદ્ધીવારા હીંસાવાળાં કર્મ કરનારા મુઢ લોકો, દંભ, માન અને મદવાળા, દારૂ, માંસાદી ત્થા અપવિત્ર વસ્તુનો અહાર કરનાર, ત્થા અપવિત્ર વસ્તુનો જેમાં ઉપયોગ કરવામાં આવે છે, એવાં અપવિત્ર વૃત કરનારા પુરૂષો અમુક મંત્રવડે અમુક દેવતાને આરાધીને ધનના ભંડારોને સંપાદન કરવા સારૂ અથવા તો કોઈથી પણ પુરી સકાય નહીં. તેવી ઉગ્રકામનાનો આશ્રય કરીને ક્ષુદ્ર દેવતાઓની આરાધના કરેછે. એવા. આ જગતનાં શત્રુઓ થઇ જગતનો નાસ કરવા માટે જન્મ ધરેછે. વળી ઘણીજ આસાઓમાં બંધાયલા કૃતઘ્નો, ક્રોધને વસ થયલા અન્યાય કરીને ધનના ઢગો એકઠા કરવાની ઈચ્છા કરે છે. આજે મેં આ મન ગમતી વસ્તુ મેળવી. હવે હું આ કામ કરીસ, મારી પાસે આટલું ધન છે. અને હવે

પછી આટલું ધન મળસે, મેં આ શત્રુને માર્યો અને બીજા શત્રુઓને મારીસ હું મારા કુટુંબમાં સૌથી સુખી છું, હું કેવો દાનેશ્વરી છું, હું કેવો બળવાન છું, અને હું ધનવાન છું, અને હું કુલીન છું, મારા જેવો બીજો જગતમાં કોણ છે. અને મારી કીર્તી ગાનારાઓને હું દાન આપીસ. આવી અજ્ઞાનતાને લીધે મીથ્યા મોહને વસ થયેલા. ભકતોને દુઃખ દેનારા. બીજાઓની નીંદા કરનારા, મારોજ દ્વેષ કરનારા. અને ક્રુર સ્વભાવવાળા અધમ પુરૂષોને. જન્મમરણનાં માર્ગરૂપ આ સંસારમાં પણ આસુરી એટલે મહા ક્રુર અને વાઘ વગેરેની નીચ યોનીમાંજ હું નીરંતર નાંખુછું.

હે કુંતાના પુત્ર—આશુરીયોનીમાં જન્મેલા તે મુઢ લોકો પ્રત્યેક જન્મે મુને પામ્યા વગર ક્રમે કરીને અધમ કરતાં પણ અધમ ગતીને પામે છે. હે અર્જુન કામ, ક્રોધ, લોભ, એ ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે, અને તે આ આત્મા જે શુદ્ધ સત્વ ગુણી છે, તેને નીચ યોનીમાં નાંખે છે. માટે એ ત્રણેનો સર્વથા ત્યાગ કરવો ઉચીત્ત છે. અને કામ, ક્રોધ, લોભ, એ ત્રણેથી મુકત થયેલો મનુષ્ય પોતાનાં શ્રેય સાધનરૂપ તપ, યોગ આદી કરે છે. તો તે પરમગતીને મોક્ષને પામેછે. જે પુરૂષ વેદ વીહીત ધર્મનો ત્યાગકરી ઇચ્છાનુંસાર વર્તે છે, તે મનુષ્યને તત્વજ્ઞાન મલતું નથી, તેમ મોક્ષ પણ મલતો નથી. માટે હે અર્જાન શ્રુતી–

સ્મૃતો તથા પુરાણાદીને પ્રમાણ ગણવાં અને સાસ્ત્રવીધીએ કહેલું કર્મ જાણીને કર્માધીકારી થયો થકો તું અધીકાર પ્રમાણે કર્મ કરવાને યોગ્ય છે. અને મનની સુધ્ધીમાં શુધ્ધ જ્ઞાનમાં તથા મુકતીમાં મુખત્વે કર્મ કારણ છે. ઈતો શ્રીમદ ભગવદ ગીતા વીસે દૈવા સુર સંપદ્ધિ ભાગ યોગ નામનો અધ્યાય સોળમો સંપુર્ણ.

અધ્યાય ૧૭ મો.

અર્જુન કહે છે—હે પ્રભુ જે મનુષ્ય સાસ્ત્રથી વીરૂધ્ધ થઈ અશ્રધ્ધાએ તમને ભજે છે, તેની શું ગતી થાય છે, તે કૃપા કરી કહો.

શ્રીભગવાન કહેછે—હે અર્જુન શ્રધ્ધા ત્રણ પ્રકારની છે. સાત્વીક, રાજસ, અને તામસ, તેમાં જે મનુષ્ય જેવી શ્રધ્ધાએ મુને ભજે છે. તે પ્રમાણે તેની ગતી થાય છે. જે પ્રથમ સત્વ ગુણની વૃધ્ધીથી સાત્વીક શ્રધ્ધાવાળો હોય, તે ફરી પણ તે સંસ્કારવડે સત્વ ગુણી શ્રધ્ધાવાળો જન્મે છે. જે પ્રથમ રજો ગુણની વૃધ્ધીથો રાજસી શ્રધ્ધાવાળો હોય તે ફરી પણ તે સંસ્કાર વડે રાજસી શ્રધ્ધાવાળો જન્મે છે, અને જે પ્રથમ તમો ગુણની વૃધ્ધીથી તામસી શ્રધ્ધાવાળો હોય, તે ફરી પણ તમો ગુણનાં સંસ્કારથી તામસી શ્રદ્ધાવાળોજ જન્મે છે. આ રીતે લોકાચાર પરંપરાએજ વર્તનારાઓ વીષે સાત્વીકી, રાજસ

અને તામસી એમ ત્રણ પ્રકારની શ્રધ્ધા રહે છે. પરંતુ સાસ્રને ગૃહણ કરનારા વીવેકી જ્ઞાનવાળા પુરૂષોની શ્રદ્ધા તો એક સાત્વીકજ હોય છે. સાત્વીક પુરૂષો સત્વગુણી શ્રદ્ધાવાળા પુરૂષો સાત્ત્વિક દેવોને પુજે છે. રાજષીવાળા પુરૂષો રજોગુણી દેવોને પુજે છે. રાજષી દેવો જેવા કે, જક્ષ, રાક્ષસ વગેરે અને તામશી શ્રધ્ધાવાળા પુરૂષો તમોગુણી એવા યક્ષ, પ્રેતાદિ ભુત, વૈતાળ, ભૈરવ વગેરે દેવોને ભજે છે. અને શાસ્રમાં પણ નહીં કહેલું, એવું પાખંડી મહાભયંકર તપ કરે છે. વળી આ શરીરમાં રહેલાં પૃથ્વી આદી પાંચ મહાભુતોનાં સમુહને વૃથા ઉપવાસ આદી કરી દુઃખ કરનારા, તથા શરીરમાં અંતર્યામીરૂપે હું રહું છું, તેની પણ આજ્ઞા ઉલ્લંઘીને બહુ કષ્ટ આપનારા, એવા જે અજ્ઞાની લોકો છે, તેઓને તારે આશુરી નિશ્ચયવાળા જાણવા. આહાર પણ મનુષ્યને ત્રણ જાતનો પ્રીય હોય છે. તે પણ સાંભળ. હે અર્જુન, જે આહાર કરવાથી જીવન, ઉત્સાહ, શકિત, આરોગ્ય અને મનનો હુલાસ અને પ્રેમ તથા કોમળતાને વીશેષ વૃદ્ધી કરનારા, રસવાળા તથા ભક્ષ્ય તથા ભોજ્યરૂપી અહાર સાત્વીકોને પ્રીય છે. ઘણું કડવું, બહુ ખારૂં, ઘણું ખાટું, અતી ઉનુ, બહુજ તીખું, મરી, મરચાં વગેરે કાંગ, કોદરા વગેરે ભક્ષ્ય તથા ભોજ્યરૂપી અહારો રાજસીઓને પ્રીય હોય છે. રાંધ્યા પછી જેનાં ઉપર પ્રહર

વીતી ગયો હોય તેવુ ઠંડુ પડી ગયેલુ-રસવીનાનું, દુર્ગંધી વાશી ઉચ્ચીષ્ટ તથા ભક્ષણ માટે અયોગ્ય કલંજ આદી ભોજન. તામસી મનુષ્યને પ્રીય હોય છે. અને તેથી આ દેહને ઘણીક ઉપાધી થાય છે. અને તેથી તેની બુદ્ધી પણ મલીન થવાથી મારૂં ચીંતવન કરી શકતો નથી. યજ્ઞ પણ ત્રણ પ્રકારનાં હોય છે. તે તું સાંભળ. શ્રીભગવાન કહે છે હે અર્જુન, યજ્ઞજ કરવો. બીજાં ફળની ઇચ્છા રાખવી નહીં. આ રીતે મનને એકાગ્ર કરીને ફળની ઈચ્છાવીના જે પુરૂષો શાસ્ત્રોમાં કહેલી વીધી પ્રમાણે યજ્ઞ કરે છે, તે સાત્વીક યજ્ઞ કહેવાય છે. ફળની આશા રાખીને અથવા તો જગતમાં પોતાની મહત્તા પ્રસીદ્ધ કરવામાટે જે યજ્ઞ કરવામાં આવે છે, તે રાજસુયજ્ઞ જાણવો. શાસ્ત્રોક્ત વીધીહીન, જેમાં બ્રાહ્મણોને અન્નદાન આપવામાં આવતુ નથી, અને જેમાં મંત્રોનો શુદ્ધ રીતે ઉચ્ચાર થતો નથી, દક્ષણા વીનાનો. તથા શ્રધ્ધાવીનાનો જે યજ્ઞ તે તામસ યજ્ઞ જાણવો.

શ્રીભગવાન કહે છે—હે અર્જુન દેવ, બ્રાહ્મણ, તથા તત્વ-વેત્તા વગેરેની પુજા, પવિત્રતા, શરળતા, બ્રહ્મચર્ય અને અહીંસા આ શારીર તપ કહેવાય છે. કોઇને ખેદ ઉપજાવવો નહીં, તેવુ સત્ય-શ્રોતાને પ્રીય તથા વેદાભ્યાસ એ વાચીક તપ કહેવાય છે. મનની પ્રસન્નતા, કોમળતા, મૌન, મનોનિગ્રહ અર્થાત વિષયો તરફ જતાં મનને અટકાવવું, અને વ્યવહારમાં નીષ્કપટ રીતે

વરતનાર. આ માનસિક તપ કહેવાય છે. હવે તપશ્ચયા ત્રણ પ્રકારની છે, તે કહે છે. હે અર્જુન, શ્રધ્ધાવડે ફળની ઈચ્છા રહીત એકાગ્ર મનવાળા મનુષ્ય જે તપશ્ચર્યા કરે છે, તેને સાત્વીક તપશ્ચર્યા કહે છે. સત્કાર થવા માટે તથા પુજા તથા ધનાદીનાં લાભ આ સર્વને માટે જે મનુષ્ય તપશ્ચર્યા કરે છે, તે તપ આ લોકમાં રજોગુણી, ચળ તથા ક્ષણીક કહેવાય છે. અવીવેકથી થયેલા દુરાગ્રહવડે પોતાનાં શરીરને તથા ઈંદ્રિયાદીને પીડા કરીને. અથવા તો પરનો નાશ કરવામાટે જે તપ કરવામાં આવે છે, તે તપ તમોગુણી કહેવાય છે. હે અર્જુન દાન પણ ત્રણ પ્રકારે અપાય છે. મારે તો ઈશ્વિર અર્થે દાન આપવુંજ જોયે એમ વીચાર કરીને, જે ઉપકાર કરવાને અસમથ છે. એવા સુપાત્ર એટલે તપસ્વી તથા શાસ્ત્રસંપન્ન બ્રાહ્મણને કુરૂ ક્ષેત્રાદી પવિત્ર જગામાં અથવા તો કોઈ પર્વને દહાડે જે દાન અપાય છે, તે સત્વગુણી દાન કહેવાય છે. હું અમુકને આપીશ. તો તે બીજે વખતે મારો ઉપકાર કરશે. એવી ઈચ્છાથી અથવા તો હું દાન કરીશ, તો મને સ્વર્ગ મળશે આવી આશાથી તથા મનમાં ખીજ થઈને જે દાન આપવામાં આવે છે તે દાન રજોગુણી કહેવાય છે. અપવિત્ર સ્થાનમાં અપવિત્ર વખતે વિટ તથા નાટક કરનાર આદી કુપાત્રને જે દાન આપવામાં આવે છે તે તથા પવિત્ર દેશ અને સુપાત્ર બ્રાહ્મણનો સત્કાર કર્યા વીના

તીરસ્કાર પુર્વક જે દાન આપવામાં આવે છે, તે તમોગુણી દાન કહેવાય છે. અને તમો ગુણી દાનથી બુધ્ધી ભ્રષ્ટ થાય છે. અને કોઈ વખત ધનનો પણ નાસ થાય છે, તેમ પ્રભુથી વીમુખ પણ થાય છે. અર્જુનને સંકા થઇ જે, આ રીતે વીચાર કરતાં તો બહુધા-યજ્ઞ-દાન તપ આદી સર્વે રાજસ અને તામસ ગણાસે. માટે યજ્ઞયાગાદીક અર્થે શ્રમ કરવો એ ફોગટ થઈ પડસે. આવી સંકા થતાં શ્રી ભગવાન કહે છે. જે હું પરમાત્માનાં ૐ તતસત એ ત્રણે નામો ઘણાંજ શ્રેષ્ટ છે. તે સર્વે કર્મોને ઊત્તમ ગુણવાળા કરવા માટે સર્વે કર્મો કરતી વખત ૐ તતસત એમ બોલવું. જેથી રાજસ તામસ કર્મો પણ સાત્વીક થાય છે. માટે હે અર્જુન જે શ્રધ્ધાએ કરી મારાજ અર્થે જપ, તપ, યજ્ઞ, દાન વગેરે કર્મ કરે છે. તે ઊત્તમ એવા મોક્ષ પદને આપે છે. અને અશ્રધ્ધાએ કંઈ પણ જપ. તપ, યજ્ઞ, દાન વગેરે જે કર્મ કરેલ હોય, તે નીષ્ફળ જાય છે. માટે હે અર્જુન તું શ્રધ્ધાવાળો થા. અને સર્વે કર્મો શ્રધ્ધાથી કર. ઇતી શ્રીમદ ભગવદ ગીતા નીશે શ્રધ્ધાત્રય વિભાગ યોગ નામના સતરમા અધ્યાયનો સા.ર સંક્ષેપ્તમાં સંપુર્ણ.

અધ્યાય ૧૮ મો

અર્જુન કહે છે—હે મહા બાહુવાળા ઇંદ્રીયોને વસ રાખનારા, અધ્ધમ ઓધ્ધારણ પ્રભુ સંન્યાસ તથા ત્યાગનું જુદું જુદું સ્વરૂપ જાણવાની મુને ઇચ્છા છે, માટે કૃપા કરી કહો.

શ્રીભગવાન કહે છે—હે અર્જુન, સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો. પુત્રની કામનાવાળાએ યજ્ઞ કરવો. તેને તથા ફળોન

સાથે સર્વે કર્મોનો ત્યાગ કરવો, તેને સંન્યાસ કહે છે. અને નીત્ય નૈમીત્તીક તથા કામ્ય કર્મોનાં માત્ર ફળનોજ ત્યાગ કરવો તેને ત્યાગ કહે છે.

ત્યાગ પણ ત્રણ પ્રકારનાં છે તે તું સાંભળ.

કામ્ય કર્મો બંધન કારક છે. માટે તેનો ત્યાગ કરવો વાજબી છે. પણ નીત્ય કર્મો તો ચીત્તને શુદ્ધ કરી મોક્ષ આપે છે. માટે તે અવસ્ય કરવાંજ જોયે. છતાં પણ અજ્ઞાનથી તેનો ત્યાગ કરવો, એ તામસ ત્યાગ કહેવાય છે.

જે પુરૂષ આત્મજ્ઞાન વીના નીત્ય કર્મ કેવળ દુઃખ કારક છે. આમ જાણીને સરીરને મહેનત થવાનાં ભયથી તે કર્મોનો ત્યાગ કરે છે, તે રાજષ ત્યાગ કહેવાય છે. અને તે રજોગુણી ત્યાગનાં ફળને એટલે જ્ઞાનને પામતો નથી.

હે અર્જુન જે પુરૂષ કર્તાપણાનું અભીમાન કરતો નથી. અને તેનાં ફળની આસાપણ રાખતો નથી. પણ મારે તો અવસ્ય કરવા યોગ્ય કર્મો કરવાંજ જોયે. એમ મનમાં જાણી આવસ્યક કરવા યોગ્ય કર્મો કરે છે. તેને મેં સાત્વીક ત્યાગ માન્યો છે. રાજષ તથા તામસ ત્યાગ કરતાં સાત્વીક ત્યાગ અતી ઉત્તમ છે. અને તેથી અંતે મારા પરમપદને પામે છે. અનિષ્ટ—નારકીપણું, ઈષ્ટ—દેવતાંપણું અને મીશ્ર-એટલે મનુષ્ય પણું એ રીતે પાપ, પુણ્ય અને ઉભયમિશ્ર કર્મોનું જે ફળ

પ્રકારનું ફળ પ્રખ્યાત છે, તે સર્વ ફળ મરણ પછી કામનાવાળા પુરૂષોનેજ લોકાંતરમાં મળે છે. પરંતુ જેઓ સંન્યાસીઓ (કર્મોનાં ફળનો ત્યાગ કરનાર) છે. તેઓને આ ત્રીવીધ કર્મોનાં ફળો કોઇ વેળા પણ પ્રાપ્ત થતા નથી. કારણ કે તે સાત્વિકો, પાપ રહીત હોય છે. અને ફળની આસા રાખ્યા વીના પરમાત્માને કર્મો અર્પણ કરે છે. તેથીજ અંતે પરમંપદને પામે છે· જ્ઞાન પણ ત્રણ પ્રકારનું છે. હે અર્જુન બ્રહ્માથી લઇને સ્થાવર પર્યંત સર્વ પ્રાણીઓ પરસ્પર ભીન્ન ભીન્ન છે. તેમાં એકરૂપે વ્યાપક, એક અને વીકાર રહીત, એવા પરમાત્માનાં સ્વરૂપને જે પુરૂષ જ્ઞાનવડે જાણે છે. તે જ્ઞાનને સાત્વિક જાણવું. જે જ્ઞાન વડે સર્વે શરીરમાં વસ્તા વસ્તુતાએ એક ક્ષેત્રજ્ઞને અનેકરૂપે સુખી અને દુઃખી આદી જાણે છે. તે જ્ઞાનને રાજસ જાણવું.

એક કાર્યમાં એટલે દેહમાં અથવા તો પ્રતીમાદીમાં આટલોજ આત્મા છે. અથવા તો આટલાજ ઈશ્વર છે. આવું એકાંજ સંપુર્ણપણાનું યુક્તિહીન પરમાર્થ રહીત તથા આગ્રહવાળું જ્ઞાન હોય છે. તે જ્ઞાનને તામસ જ્ઞાન કહ્યું છે.

હવે કર્મ ત્રણ પ્રકારનાં છે, તે તું સાંભળ.

જે કર્મ નીત્ય કર્મ હોય, કર્તાપણાનાં અભીમાન રહીત હોય, પુત્ર વગેરે ઉપર પ્રેમ વધારવા સારૂ અથવા તો શત્રુ ઉપર ખોટા લાગણી માટે જે કર્મ કરેલું ન હોય, તથા ફળની ઇચ્છા વાનાનાં પુરૂષે જે કર્મકરેલ હોય તે સાત્વીક કર્મ કહેવાય છે.

ફળ મેળવવાની ઇચ્છાવાળો પુરૂષ તથા મારા સરખો કોઇ વેદવેત્તા નથી. આવા અહંકારવાળો પુરૂષ જે કર્મ કરે છે, તે તથા જે કર્મ બહુજ કલેસવાળું હોય છે, તે કર્મને રાજષ કહ્યુંછે.

ભાવી સુભાસુભ માટે વીચાર, ધનનો ખર્ચ પરને પીડા, પોતાનું સામર્થ્ય, આ સર્વનો વીચાર કર્યા વીના કેવલ મોહુથીજ જે કર્મ કરવામાં આવે છે, તે કર્મ તામસ કહેવાય છે.

હું કર્તા છું આવા અભીમાનથી મુકત્ત, ગર્વીષ્ટ ભાષણ નહીં કરનાર. ધૈર્ય તથા ઉદ્યમવાળો. આરંભેલા કર્મની સીધ્ધી તથા અસીધ્ધીવીષે નીર્વીકાર, હર્ષવીષાદ વીનાનો આવો કર્તા સાત્વીક કર્મ કર્તા કહેવાય છે.

પુત્રાદી ઉપર પ્રેમ રાખનારો, કર્મનાં ફળની ઇચ્છાવાળો અને, બીજાનાં ધનની આસા રાખનારો, અપવિત્ર. લાભથી હર્ષ તથા હાનીથી સોક કરનારો, આવો કર્મ કર્તા રાજસ કર્મ કર્ત્તા કહેવાય છે. ગાફલ વીવેક રહીત, ઉદ્ધત, શઠ, બીજાનું અપમાન કરનાર, આળસુ, સોકસીળ, અને દીર્ઘશુત્રતાથી કર્મ કર્તા તે તામસ કર્મ કર્તા કહેવાય છે.

બુધ્ધી તથા ધૈર્યનાં પણ ભેદ ત્રણ પ્રકારનાં છે તે સાંભળ.

હે અર્જુન હે ધંનજય ધર્મમાં પ્રવૃત્તિ, કયા દેસમાં કયે વખતે કયું કામ કરવાજેવું છે, તથા કયું કામ કરવાજેવું નથી તેનો વીચાર. કર્મ માટે નીર્ભયતા, અકાર્યનો ભય, અને સંસારમાં

બંધન કેમ થાય છે. અને સંસારમાંથી છૂટકો કેમ થાય છે. આ સર્વ ને જે બુધ્ધી જાણે છે, તે બુધ્ધીને સાત્વિકી જાણવી.

હે કુંતા પુત્ર જે બુદ્ધી વડે મનુષ્ય ધર્મને તથા અધર્મને કાર્યને તથા અકાર્યને, ભય તથા અભયને બંધન તથા મોક્ષને યથાર્થ રીતે જાણતો નથી. તે બુધ્ધીને રાજસી જાણવી.

હે પૃથાના પુત્ર અર્જુન તમો ગુણથી ઢંકાયલી જે બુધ્ધી અધર્મને ધર્મ માને છે. અને સર્વ પદાર્થને વીપરીત જાણે છે. તે વીપરીત બોધ ગૃહણ કરનારી બુધ્ધીને તામસી બુધ્ધી જાણસી

હે પ્રથાના પુત્ર ચીત્તના એકાગ્રપણાથી વીષયાંતરમાં ન જનારા મનની, પ્રાણની અને ઇંદ્રીયોની ક્રિયાને જે પુરૂષ ધીરજવડે રોકી રાખે છે, તે ધીરજ સાત્વિકી જાણવી.

હે પૃથાના પુત્ર અર્જુન જે ધીરજ વડે ધર્મ, અર્થ, તથા કામને મુખ્યતાર્થી ધારણ કરે છે, અને ધર્મના પ્રસંગમાં ફળની આશા રાખે છે. તે ધીરજ રાજશી ગણાય છે. હે કુંતાના પુત્ર અર્જુન, બહુજ અવીવેકી બુધ્ધીવાળો મનુષ્ય જે ધીરજવડે, સ્વપ્ન, ભય, શોક, વીષાદ, તથા મદને છોડતો નથી, તે ધારજ તામશી ગણાય છે.

હે અર્જુન, સુખ પણ ત્રણ પ્રકારનાં છે. તે તું સાંભળ, મનુષ્યને જે સુખ વીષય સુખની પેઠે તુરતમાં ગમતું નથી. પરતું બહુ પરીચય કર્યા પછી જેનાં ઉપર પ્રસન્નતા આવે છે. જે

સુખ મન સંશયને આધીન હોવાથી, આરંભમાં વીષની પેઠે લાગે છે. અને પરીણામે અમૃતની પેઠે સુખકારક થઈ પડે છે તથા જે સુખ આત્મરૂપ બુદ્ધીની નીર્મળતાથી ઉત્પન્ન થયેલું છે તે સુખને યોગીઓ સાત્વિક સુખ કહે છે.

વીષયોનાં તથા ઇંદ્રીયોનાં સંયોગથી થયેલું સ્ત્રી-સંભોગાદી સુખ આરંભમાં અમૃતના જેવું લાગે છે. પણ તે આ લોકમાં તથા પરલોકમાં દુઃખકારક હોવાથી પરીણામે વીષ જેવું ભયંકર થઈ પડે છે. માટે તે સુખને રાજસ સુખ જાણવું. જે આરંભમાં તથા અંતમાં મનને મોહીત કરે છે નીદ્રા, આળસ તથા ગાફલ પણાંથી ઉત્પન્ન થાય છે, તે સુખને તામસ સુખ કહેલ છે.

પૃથ્વીઉપર મનુષ્યાદીમાં અને સ્વર્ગની અંદર દેવતાઓમાં પણ પ્રકૃત્તિથી ઉત્પન્ન થયેલાં સાત્વીકાદી ત્રણે ગુણોથી મુક્ત કોઇપણ પ્રાણી અથવા તો બીજું કોઇ કયાંયપણ નથી. એ સાંભળી અર્જુને પુછયુ હે ભગવાન, હે જગનીયંતા, હે મહારાજ તમારા કહેવા પ્રમાણે સર્વ ક્રીયા, કર્તા, ફળ વગેરે પ્રાણીસમુહ ત્રોગુણાત્મક છે, ત્યારે તેનો મોક્ષ કેમ થાશે. એટલે શ્રીભગવાન કહે છે હે કુંતાપુત્ર અર્જુન, પોતપોતાનાં અધીકાર પ્રમાણે કર્મોવડે પરમાત્મા એટલે મારૂં આરાધન કરવુ. કે જેની કૃપાથી મળેલાં જ્ઞાનવડે મનુષ્યનો મોક્ષ થાય છે. હે પૃથાપુત્ર અરજુન પુર્વ જન્મનાં સંસ્કારોથી ઉત્પન્ન થયેલાં સાત્વિકાદી

ગુણોવડે, બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય તથા શુદ્રોનાં જુદાં જુદાં કર્મો (ધર્મ) છે તે તુ સાંભળ. મનની શાંતી, બાહ્યાદિની શાંતી, શારીરાદી તપ, બહાર અને અંદરની પવિત્રતા, ક્ષમા. સરલતા, શાસ્ત્રોકત જ્ઞાન, અનુભવ તથા આસ્તિકતા આટલાં બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે. એટલે તેવા ગુણ ગ્રહણ કરવાં તે બ્રામ્હણનો ધર્મ છે. પરાક્રમ, તેજ, ધૈર્ય કુશલતા, યુદ્ધમાં પાછી પાની કરવી નહીં. ઉદારતા અને નીયમમાં રાખવાની શકિત આ ક્ષત્રીયના સ્વાભાવિક કર્મ છે. ખેતી, ગોરક્ષા, અને વ્યાપાર આ વૈશ્યોનાં સ્વાભાવીક ધર્મ છે. બ્રાહ્મણ ક્ષત્રી અને વૈશ્યની સેવા કરવી એ શુદ્રના સ્વભાવીક કર્મ છે. પોતપોતાનાં અધીકાર પ્રમાણે કર્મમાં પરાયણ રહેનારો મનુષ્ય જ્ઞાનની યોગ્યતાને પામે છે. જે અંતર્યામી પરમેશ્વરવડે, પ્રાણીઓ ચેષ્ટા કરે છે, (વૈભવભોગવે છે) અને જે પરમાત્માથી આ સર્વ વીશ્વ વ્યાપ્ત છે, તે પરમાત્માની પોતાનાં કર્મવડે સેવા કરીનેમનુષ્ય તત્વજ્ઞાન મેળવે છે. પોતાનો ધર્મ ગુણરહીત હોય, તોપણ તેને ઉત્તમ માનવો. અને નીયમીત્ત ઈશ્વરાર્પણ કર્મ કરવાં. પણ પોતાનો ધર્મ છોડી પરધર્મ શ્રેષ્ટ માનવો એ ઘટીત નથી. અને બીજાનાં ધર્મની નીંદા કરનાર પણ દોષનો ભાગી થાય છે. હે અર્જુન, જેમાં બંધુઓનો વધ કરવામાં આવે છે આવું યુદ્ધ એ તારો સ્વધર્મ છે. તેનો ત્યાગ કરી ભીક્ષાટન

વગેરે પરધર્મ શ્રેષ્ટ માનવો એ ઘટીટ નથી. પરંતુ સ્વધર્મનેજ ઉત્તમ માનવો એ યોગ્ય છે. હે કુંતાપુત્ર અર્જુન, જે પ્રાણી પરમાત્માની એટલે મારી ભકિત કરતો નથી. તેને પશુસમાન જાણુવો. અને એવા મુંઢ લોકો જેમ સુરજ ઉગે છે, ને આથમે છે, તેમ પોતાની આયુષ્ય ઓછી કરે છે. મારા ભજનથી જે વીમુખ છે, તે ફકત પોતાની જનેતાનું જોબન હરવાને ખાતર અને આ સંસારનો નાશ કરવામાટે જન્મ ધારણ કરે છે. એમ તારે જાણવું. કદાપી કોઇ ભકતીહીણુ મનુષ્ય વૃધ્ધ અને અશકત અવસ્થાએ સંન્યાશી થાય, અને જંગલમાં રહી આયુષ્ય પુરી કરે, તોપણ શું. એવા મૃગ તો જંગલમાં ઘણાં ફરે છે. કદાપી કોઈ વસ્ત્ર તજીને જોગી થાય, તોપણ શું. પશુ પણ વસ્ત્ર વગરનાં નગ્નજ ફરે છે. જેમ લુહારની ધમણુ, આખો દીવસ ધમ્યા કરે છે. તેમ મારા ભજનવીના આ અમુલ્ય આયુષ્ય ફોગટ ગુમાવે છે. એવા પ્રભુથી વીમુખ પ્રાણીને, કાગડા તથા કુતરા તથા ગધેડા સમાન જાણવાં. જે કાનથી મારા ગુણ તથા મારી કથા સાંભળતો નથી, તે કાનને તારે વૃક્ષની કોતર સમાન જાણવાં. જે જીભથી મારા જશ તથા કીર્તન ગાતો નથી, તે જીભને તારે ડેડકાની જીભ બરાબર જાણવી. જે મારા દાશને નમતો નથી. તેનાં મસ્તકને તુંબડા સમાન જાણવું. જે હાથથી મારી સેવા કરતો નથી, તે હાથને તરૂવરની શાખાં

જાણવી. જે નેત્રથી મારૂં દર્શન કરતો નથી, તે નેત્રને મોરપીંછ સમજવા. જે ચાલીને હરીમંદીરમાં જતો નથી. તેના દેહને થાવર પ્રમાણે જાણવું. હે અર્જુન મારી અલૌકીક માયા તથા મારાં ગુણ સાંભળીને જેનું દીલ પીગળતું નથી, તેનાં દીલને લોઢા જેવું જાણવું. અને જે મારાદાસ મારાજ અર્થે આ સંસારમાં દીવસ નીર્ગમન કરે છે. તેની ચરણરજ અંગે લગાડતો નથી, અથવા તો, તેને માન પણ આપતો નથી. તેને તારે જીવતાં છતાં પણ મુવેલાં સમજવા. હે અર્જુન જેની બુદ્ધી સર્વ કર્મમાં આશકિત રહીત હોય. જે અહંકાર રહીત હોય, અને જે ફૂલની ઈચ્છા રહીત હોય, તે જેમાં ઉત્તમ રીતે સર્વ કર્મની નિવૃતી થાય છે. એવી પરમહંસની દશાને પામેછે. તે વીષે મારી પાસેથી ટુંકમાં સાંભળ. શુધ્ધ સાત્વિક બુધ્ધી-વાળો, સાત્વિક ધીરજવડે, મનને નીયમમાં રાખીને શબ્દ, સ્પર્શ આદી વીષયોનો ત્યાગ કરીને, તથા રાગ, દ્વેષને દુર કરીને, એકાંત જગ્યામાં વસનાર, અલ્પાહાર કરનાર, વાણી, મન અને કાયાને નીયમમાં રાખનાર, નીત્ય ધ્યાનવડે, પરબ્રહ્મના દર્શન કરવામાટે તત્પર રહેનાર, અને ધ્યાનમાં ભંગ પડે નહીં, તેમાટે વારંવાર દ્રઢ વૈરાગ્યનો આશ્રય કરી-હું વીરકત છું-આવા અહંકારનો તથા દુરાગ્રહનો તથા આડે માર્ગે લઈ જનારા દર્પનો તથા પ્રારબ્ધ બળથી પ્રાપ્ત થનારા વિષયો માટે કામ,

ક્રોધ તથા ધનસંગ્રહનો સારી રીતે ત્યાગ કરનાર, બલાત્કારે મળેલી વસ્તુ ઉપર મમતારહીત થયેલો તથા પરમ શાંતીને પામેલો પુરૂષ બ્રહ્મરૂપ થાય છે. તે પરમહંસ બ્રહ્મરૂપ થયો થકો. મારી ભક્તિથી હું સર્વ વ્યાપક, જે સચ્ચિદાનંદ ઘન છું તેને યથાર્થ રીતે જાણે છે. અને મુને યથાર્થ રીતે જાણ્યા પછી તે જ્ઞાન પણ શાંત થાય છે. અર્થાત પરમાનંદરૂપ થાય છે. માટે તું નીત્ય નૈમીત્તિક સર્વ કર્મો અંતઃકરણવડે મારે વીષે અર્પણ કરીને, હુંજ જેનો પરમપુરૂષાર્થ છું. એવો તું એક નિશ્ચયાત્મક બુધ્ધીથી યોગનો આશ્રય કરીને, નિત્ય એટલે કર્માનુષ્ઠાન વેળાએ પણ, (બ્રહ્માર્પણં બ્રહ્મહવી) એ ન્યાય પ્રમાણે મારે વીષેજ મનને અર્પણ કર.

મારે વીષેજ મન રાખનારો પુરૂષ મારી કૃપાથી સર્વ દુસ્તર એવી સંસારીક દુઃખોને તરી જશે. પણ અભીમાન કરનારો પુરૂષ કદી પણ મોક્ષને પામતો નથી હે અર્જુન જગતમાં સુતાર જેમ લાકડાનાં થંભની ઉપર રહેલાં બનાવટી પુતળાંઓને દોરી સંચારથી ફેરવે છે, તેમજ અંતર્યામી. આ શરીરોમાં રહેલા સર્વ શરીરાભિમાની જીવોને પોતાની માયાવડે ભમાવતા થકા. સર્વ પ્રાણીઓનાં હૃદય પ્રદેસમાં રહ્યા છે.

હે અર્જુન, સર્વ ગુપ્તમાં પણ ગુપ્ત એવું મારૂં ઉત્તમ વચન કે, જે મેં તુને પ્રસંગે પ્રસંગે કહ્યું છે. છતાં પણ તું ફરીથી

સાંભળ. તું મને બહુજ પ્રીય છે માટે હું તને હીત કહીશ. તું મારામાં મન રાખ, મારોજ ભકત થા. મારૂંજ યજન કર, તથા મુનેજ નમસ્કાર કર. આ પ્રમાણે વર્તવાથી મારા પ્રસાદવડે જ્ઞાન મેળવીને મનેજ પામીશ, તેમાં તારે સંદેહ કરવો નહીં. પરમેશ્વરની ભકિતથીજ સર્વ વસ્તુનો લાભ થશે. આવા દ્રઢ વીશ્વાસવડે વીધીનું દાસત્વ છોડી એક મારેજ શરણે આવ. તું શોક કરમાં. હું એક મારોજ આશ્રય કરનાર તુંને સર્વ પાપમાંથી મુકત કરીશ.

સ્વધર્માચરણ કરતો ન હોય, ગુરૂ અને ઇશ્વર ઉપર ભકિત ભાવરહીત હોય. શાસ્ત્ર શ્રવણની જેને ઇચ્છા ન હોય. તથા મુને મનુષ્ય ગણીને મારાઉપર દોષારોપ મુકી મારા નીંદા કરતો હોય, તેને તારે આ ગીતા શાસ્ત્રનું જ્ઞાન કોઈ દીવસ કહેવું નહીં. જે પુરૂષ આ પરમગુપ્ત એવું ગીતાનું તત્વ મારા ભકતોને સંભળાવશે અથવા સાંભળશે ને મનન કરશે, તે મારે વીષે પરમ ભકિત ધારણ કરીને સંસયરહીત થયો થકો, મુનેજ પામશે. ઇતી શ્રીમદ ભગવદગીતાવીષે સંન્યાસ યોગ નામનાં અઢારમા અધ્યાયનો સાર સંક્ષેપ્તમાં સંપૂર્ણ.

સુચના.

ઘણીજ આશ્ચર્યની વાત છે. જે જીવ ઈશ્વરની માયાને આધીન થઈને ગતાગત્—જન્મમરણથી મુકત થાતો નથી. ઈશ્વિરની માયા બહુજ આશ્ચર્યકારક છે. અરેરે, મહાખેદની વાત છે, જે, પોતાનાં હજારો જન્મ થઇ ગયા. તેમ પોતાનાં પુર્વજો પણ મરી ગયેલા જોયા. તેમ પોતાની નજરે હજારો જીવને મરતાં દેખે છે. વળી મર્ણ રૂપી માથે કાળ ચક્ર ફર્યા કરે છે. તે પોતે જાણે છે. તથાપી જીવ નાના પ્રકારનાં કુકર્મ કય. કરે છે અને તે કર્મથી લક્ષ ચોરાશી યોનીઓમાં ફર્યા કરે છીં એક ઘડી પછી શું થાશે. તેનીપણ ખબર નથી. છતાં સંસારમાં “ હું ” અને “ મારૂં ” છોડતો નથી. બહુજ ખેદની વાત છે. પોતાનાં કર્મથી ઉંચ નીચ યોનીયોમાં પડી. સુખ, યા દારૂણ દુઃખ ભોગવે છે. પરંતુ મોક્ષદાતા સદાશીવ તથા વાસુદેવ ભગવાનનું ભજન કરતો નથી. જાણે છે, જે, જેવા કૃત્ય કરીશ. તેવા ભોગ ભોગવીસ છતાં પુર્ણ પરીબ્રહ્મ એવા પરમાત્માનું રટણ કરતો નથી. તે કરતાં બીજું આશ્ચર્ય શું. ઘણીજ નવાઈની વાત છે. જેમ દીવાની જોતમાં મોહીત થઇને પતંગીયો પડે છે ને પોતાનો પ્રાણ ખુવે છે. તેમજ આ મોહરૂપી માયામાં જીવ મોહીત થઈ પોતાની અમુલ્ય આયુષ્ય ગુમાવે છે. અને હરીહરનું ભજન કરતો નથી. તેથી વધારે બીજું શું આશ્ચય છે. મહા ખેદની વાત છે. માટે હે ભાઈ, તું આ ક્ષણીક સુખમાં ખોટો મોહીત નહીં થતાં, ચોરાશી લક્ષ યોનીમાંથી છુટવામાટે સત્કર્મો કર. અને હરીહરનું ભજન કર. જેથી તારી મુકતી થાસે. શાંતી શાંતી શાંતી.